

بسم الله الرحمن الرحيم

رَبِّ زِدْنِي عِلْمًا وَّارْزُقْنِي فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**




**સરપરસ્ત**

**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**



**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

# જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-12, Issue-8, July-2025**

વર્ષ : ૪૨ સળંગ અંક : ૫૨૩



**સંપાદક મંડળ**

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

તંત્રી : કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

સહતંત્રી : ફૈઝમોહંમદ મસી

સલાહ–માર્ગદર્શન : મૌલવી હાસમભાઈ ગાંધી (સિદ્ધપુર)

લેસર&ગ્રાફીક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા
અકબરહુસૈન ફત્તેહ

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : રઝાઅલી ખાણશીયા–૮૪૬૦૪૯૨૪૨૯



**કાર્યાલયનું સરનામું**

'જાફરી આવાઝ' (માસિક)

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com



Title Calligraphy: http://www.preepik.com


## લેખાનુક્રમ


- **ઉઘડતે પાને**

  હિદાયત: હુદહુદ પક્ષી અને મલિકાએ સબા... 3

- **તંત્રી લેખ**

  અઝાદારી વિષેની ચાલીસ હદીસો............ 7

- **કુરઆન અને હદીસ**

  કુરઆન શિક્ષણ ................................11

  ગુરરુલ હિકમ ..................................13

  નહ્જુલ અસરાર ..............................15

- **તરીકત**

  મશાયખવાણી..................................19

- **અદબિયાત**

  મીર અનીસના મરસિયા .................... 22

- **તારીખ અને ભૂગોળ**

  સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)......... 25

  અલ ઈર્શાદ.................................... 29

- **અખ્લાક**

  જ્ઞાનગોષ્ઠિ ..................................... 33

  તલ્ઝીબુલ ઈસ્લામ ...........................37

  આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન.. 39

- **દુઆ અને મુનાજાત**

  ઈબાદાત.........................................41

- **અન્ય**

  વ્યક્તિ વિશેષ – કૂફાથી આવનારી હસ્તીઓ: 43

  આપણા ઘરની વાતો ........................ 48

  'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન........... 49

## હિદાયત:

# હુદહુદ પક્ષી અને મલિકાએ સબા (બીબી બિલ્કીસ)નો કિસ્સો

અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

اَعُوْذُ بِاللّٰہِ مِنَ الشَّیْطَانِ الرَّجِیْمِ

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اَلْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعٰلَمِیْنَ وَالصَّلٰوۃُ وَالسَّلَامُ عَلٰی مُحَمَّدٍ وَّاٰلِہِ الطَّیِّبِیْنَ

કાલે આપણે હઝરત સુલયમાન (અ.) વિષે ઘણીબધી આયતો જોઈ ગયા, અને હઝરત સુલયમાન (અ.) અને હઝરત દાવૂદ (અ.) બન્નેનો એ ફેંસલો પણ સાંભળ્યો. આજે હુદહુદ નામનું એક પક્ષી અને મલિકાએ સબા, હઝરત બિલ્કીસનો જે કિસ્સો છે તે આપણે વાંચીશું. હુદહુદ એક પક્ષી છે — તમે જાણો છો આ કિસ્સાને પણ — જેણે મલિકાએ સબા, બિલ્કીસની ચાડી ખાધી, હઝરત સુલયમાન (અ.)ના દરબારમાં, અને હઝરત સુલયમાન (અ.)ને બતાવ્યું કે તે લોકો શિર્ક કરે છે. તો હઝરત સુલયમાન (અ.)એ પછી એમને બોલાવવાનું નક્કી કર્યું. હવે આયતોથી જોઈએ કે શું માજરો હતો.

ہدہد اور ملکۂ سبا کی داستان

قرآن کے ایک حصے میں خداوند عالم حضرت سلیمانؑ کی حیرت انگیز زندگی کے ایک اور اہم واقعے کی طرف اشارہ فرماتا ہے اور ہدہد اور ملکۂ سبا کا قصہ بیان کرتا ہے، فرماتا ہے: ”سلیمانؑ کو ہدہد دکھائی نہ دیا تو وہ اسے ڈھونڈنے لگے۔“

(સૂરા નમ્લ, આયત-૨૦)

હઝરત સુલયમાન (અ.)નો દરબાર બેઠો હતો. બધા દરબારીઓ હાજર હતા, પરંતુ હુદહુદ — કારણ કે હઝરત સુલયમાન (અ.)ના રાજ્યમાં દરબારીઓ ને જે રૈયત હતી તેમાં પક્ષીઓ ઉપર પણ હઝરત સુલયમાન (અ.)નો હુકમ ચાલતો હતો, જિન્નાત ઉપર પણ, અને હવા ઉપર પણ. તો આ બધા દરબારીઓ હતા, પણ હુદહુદ — પક્ષી ન દેખાયું, તો હઝરત સુલયમાન (અ.) તેને શોધવા લાગ્યા.

یہ تعبیر اس حقیقت کو اچھی طرح واضح کرتی ہے کہ حضرت سلیمانؑ اپنی حکومت کے حالات اور ملک کی کیفیت کو اچھی طرح مد نظر رکھتے تھے، یہاں تک کہ ایک پرندہ بھی ان کی آنکھوں سے اوجھل نہیں تھا۔

એટલે એટલું કુશળ રાજ્ય કરતા હતા કે પક્ષી પણ નજર સામે ન હોય તો હઝરત સુલયમાન (અ.)ને ખબર પડી જતી હતી.

"یا یہ کہ وہ غائب ہے۔"

આયત આ કહે છે કે હઝરત સુલયમાન (અ.) ફરમાવી રહ્યા છે કે, "કાં મને તે દેખાઈ નથી રહ્યો, અથવા તો તે ગેરહાજર છે."

ممکن ہے یہ اس بات کی طرف اشارہ ہو کہ کیا وہ کسی معقول عذر کے بغیر حاضر نہیں ہے یا معقول عذر کی وجہ سے غائب ہے؟

એટલે હઝરત સુલયમાન (અ.) આ વાક્યોથી એમ પૂછવા માગતા હતા કે એના પાસે કોઈ કારણ છે ગેરહાજર રહેવાનું કે વગર કારણે ગેરહાજર રહ્યો છે?

بہر صورت، ایک با استقلال، منظّم اور طاقتور حکومت میں یہی ہوتا ہے کہ ملک میں جو بھی اُتار چڑھاؤ ہو وہ سر براہِ حکومت کی نظر میں ہو، حتّٰی کہ کسی پرندے کی حاضری اور غیر حاضری، ایک عام ملازم کی موجودگی اور عدم موجودگی اس کے پیش نظر ہو، اور یہ ایک بہت بڑا درس ہے۔

એટલે એક કુશળ રાજાની આ નિશાની છે કે જે પણ કંઈ નવા–જૂની થાય એમને તરત ખબર પડી જાય.

حضرت سلیمانؑ نے دوسروں کو درس دینے اور حکم عدولی پر سزا دینے کی خاطر مندرجہ ذیل جملہ کہا، تاکہ ہدہد کی غیر حاضری دوسرے پرندوں پر بھی اثر کرے، چہ جائیکہ اہم عہدوں اور اعلٰی مناصب پر فائز انسان۔

سلیمانؑ کو کیسے معلوم ہوا کہ ہدہد غیر حاضر ہے؟ بعض کہتے ہیں کہ اس وجہ سے کہ جب آپؑ سفر کرتے تو پرندے آپؑ کے سر پر سایہ کئے رہتے تھے۔

મુસાફરીમાં પક્ષીઓ આપ (અ.)ના સર પર સાયો કરતાં હતાં એટલે ખબર પડી ગઈ, કેટલાક લોકો આવું માને છે.

چونکہ اس وقت اس سائبان میں اس کی جگہ خالی نظر آئی لٰہذا انہیں معلوم ہو گیا کہ ہدہد غیر حاضر ہے۔

સાઈબાન એટલે માથે જે સાયો કરે, તંબુ. એ તંબુમાં પક્ષીઓએ સાયો કર્યો હશે એમાં હુદહુદની જગ્યા ખાલી હતી એટલે ખબર પડી ગઈ.

بعض مفسرین کہتے ہیں کہ سلیمانؑ کے نظمِ حکومت میں پانی کی تلاش کا کام ہدہد کے ذمہ تھا، لٰہذا پانی کی ضرورت کے وقت جب اسے تلاش کیا گیا تو وہ نہیں ملا۔

કેટલાક એવું માને છે કે આની — હુદહુદની — જવાબદારી પાણી લાવવાની હતી, અને જ્યારે પાણી ન મળ્યું તો હઝરત સુલયમાન (અ.)એ તેને શોધ્યો, મળ્યો નહીં.

بہرحال، اس گفتگو کی ابتداء میں حضرت سلیمانؑ نے فرمایا:

આયત શું કહે છે:

"مجھے وہ دکھائی نہیں دے رہا ہے،" پھر فرمایا:

એટલે કે, બીજા બધા દરબારીઓ પણ જવાબદારીથી સતર્ક થઈ જાય એટલા માટે હઝરત સુલયમાન (અ.)એ આવું ફરમાવ્યું. અને આગળ ફરમાવ્યું:

”میں یقیناً اسے سخت سزا دوں گا۔“

હઝરત સુલયમાન (અ.)એ તંબીહ કરી કે આવી રીતે ગેરહાજર રહે છે તો હું સજા આપીશ.

”یا اسے ذبح کر ڈالوں گا، یا پھر وہ اپنی غیر حاضری کی میرے سامنے واضح دلیل پیش کرے۔“

(સૂરા નમ્લ, આયત–૨૧)

કાં સજા આપીશ, કાં ઝુબ્હ કરી નાખીશ, અથવા તો એ એની ગેરહાજરીનું કારણ મને બતાવે.

در حقیقت حضرت سلیمانؑ نے غیر حاضری کی صورت میں یک طرفہ فیصلہ دینے کی بجائے خلاف ورزی ثابت ہو جانے پر سزا کی تنبیہ کی ہے،

એટલે હઝરત સુલયમાન (અ.)એ આમ હુકમ જારી કરી દીધો નથી કે એને સજા જ આપવાની છે, પરંતુ એનો વાંક સાબિત થઈ જાય ત્યારે સજા આપવાના છે એમ કહ્યું છે.

اور اپنی اس تنبیہ میں بھی دو مراحل بیان کئے ہیں جو جرم کی نوعیت کے مطابق ہیں، ایک مرحلہ بغیر موت کے سزا ہے اور دوسرا سزائے موت کا مرحلہ ہے۔

એટલે બધી પરિસ્થિતિઓ, ત્રણ પરિસ્થિતિઓ હઝરત સુલયમાન (અ.)એ બતાવી. પહેલી પરિસ્થિતિ: કાં સજા, કાં સઝાએ મૌત; અથવા તો તે પોતાને નિર્દોષ સાબિત કરે અને છૂટી જાય.

ساتھ ہی یہ بھی واضح کر دیا ہے کہ انہیں اپنی حکومت اور طاقت کا گھمنڈ نہیں ہے، بلکہ اگر ایک کمزور سا پرندہ بھی معقول اور واضح دلیل پیش کرے تو وہ اسے قبول کرنے کے لئے تیار ہیں۔


એટલે એક અશકત પક્ષી પણ પોતાની જાતને નિર્દોષ સાબિત કરી દે, તો એની દલીલ સાંભળવામાં આવે છે, એના ઉપર નાઈન્સાફી થતી નથી.

(ક્રમશ:)




# ગડમથલ

**૩૮૬** **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)



## આડી ચાવીઓ

(૧) ભાગ્ય, નસીબ, કિસ્મત (૪)
(૪) ઘૃણા, ધિક્કાર, તિરસ્કાર (૪)
(૭) એબવાળું, ધબ્બાવાળું, કલંકિત (૪)
(૯) છૂટાછેડા, લગ્નવિચ્છેદ (૩)
(૧૧) માણસ, માનવી, આદમી (૩)
(૧૩) ઠાઠમાઠ, ભપકો, છટા (૨)
(૧૪) ગુફા, બખોલ, ગુહા (૨)
(૧૫) દુનિયાના પ્રથમ માનવી (૩)
(૧૭) ચંદ્ર, ચંદ્રમા, ચાંદ (૨)
(૧૮) શરાબ અથવા શરબતનો પ્યાલો (૨)
(૧૯) સુખ, આરામ, શાંતિ, સુગમતા (૩)
(૨૦) આદત, ટેવ, ઢંગ, રીત (૨)
(૨૧) સોનું, સુવર્ણ, ધનદોલત (૨)
(૨૨) શરમ, લાજ, લજ્જા (૨)
(૨૩) લીમડો, લીંબડાનું ઝાડ (૨)
(૨૫) નાપાકી, અપવિત્રતા, અશુદ્ધિ (૪)
(૨૮) છડી પોકારનાર, ચોબદાર (૩)
(૩૦) ઝડપ, ગતિ, સ્પીડ (૪)
(૩૨) દગાબાજ, ધોખાબાજ, ઠગ (૩)
(૩૩) દૂધની એક વાનગી, બાસુંદી (૩)
(૩૪) અધ્યક્ષ, નેતા, આગેવાન (૪)

## ઊભી ચાવીઓ

(૧) કોઈ વસ્તુની ઈચ્છા ધરાવનાર (૫)
(૨) દર્શન, મુખદર્શન, મુલાકાત (૩)
(૩) નસ, લોહીની નળી (૨)
(૪) પુરુષ, મરદ, પુરુષ જાતિ (૨)
(૫) ઝવેરાત, આંખની કીકી (૩)
(૬) તળિયું, સખતળી, જોડાનો નીચલો ભાગ (૨)
(૮) જમાઈ, દીકરીનો શોહર (૩)
(૧૦) ઘૃણા, નફરત, અણગમો, અરુચિ (૪)
(૧૨) ખરાબી, દુષ્કૃત્ય, ઉપદ્રવ (૨)
(૧૫) કેરી, સામાન્ય (૨)
(૧૬) રોગ, બીમારી, બૂરી આદત (૩)
(૧૭) ચાંદો, ચંદ્ર, ચંદ્રમા, ચાંદ (૪)
(૧૮) જીવ, પ્રાણ, રૂહ, આત્મા (૨)
(૨૦) ડાબો, જમણાનો વિરોધી શબ્દ (૨)
(૨૨) નિરાશા, દુ:ખ, કષ્ટ, મુસીબત (૪)
(૨૪) આશરે વીસ કિલો વજન (૨)
(૨૬) ઉપાય, ઈલાજ, ઉપચાર, પ્રબંધ (૪)
(૨૭) તારો, નસીબ, ભાગ્ય (૩)
(૨૯) ખીલો, ખૂંટો (૨)
(૩૧) અલ્લાહનું એક નામ, રોજી આપનાર (૨)

# અઝાદારી વિષેની ચાલીસ હદીસો

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

**(૧૬) રુદનનાં વીસ વર્ષ**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ:

وَاَمَّا عَلِيُّ بْنُ الْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ فَبَكٰى عَلِيُّ بْنُ الْحُسَيْنِ عَلَيْهِمَا السَّلَامُ عِشْرِيْنَ سَنَةً وَّمَا وُضِعَ بَيْنَ يَدَيْهِ طَعَامٌ اِلَّا بَكٰى

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, “અલી ઈબ્નુલ હુસૈન (અ.)ની વાત કરીએ, તો આપ (અ.) (કરબલાના કરુણ બનાવ પછી) વીસ વર્ષ સુધી રડ્યા. જ્યારે આપ (અ.)ની આગળ કોઈ પણ ખોરાક મૂકવામાં આવતો હતો, તો આપ (અ.) કદી પણ રડવાનું શરૂ કર્યા વગર રહ્યા ન હતા.”

(બિહારુલ અન્વાર, જિલ્દ–૪૬, સફહા–૧૦૮)

**(૧૭) શોક વ્યક્ત કરવાનો શિષ્ટાચાર**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ:

فَلَمَّا مَاتَ اِبْرَاهِيْمُ بْنُ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ هَمَلَتْ عَيْنُ رَسُوْلِ اللّٰهِ بِالدُّمُوْعِ ثُمَّ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ: تَدْمَعُ الْعَيْنُ وَيَحْزَنُ الْقَلْبُ وَلَا نَقُوْلُ مَا يُسْخِطُ الرَّبَّ وَاِنَّا بِكَ يَا اِبْرَاهِيْمُ لَمَحْزُوْنُوْنَ

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે, “જ્યારે રસૂલલ્લાહ (સ.)ના ફરઝંદ ઈબ્રાહીમ (અ.) વફાત પામ્યા, તો રસૂલલ્લાહ (સ.)ની આંખો આંસુઓથી ભરાઈ ગઈ, આ તબક્કે આપ (સ.)એ ફરમાવ્યું, “આંખો આંસુઓથી ભરેલી છે અને દિલ દુઃખી છે, પરંતુ અમે કંઈ પણ કહીશું નહીં કે જે રબને ગુસ્સે કરે. બેશક, અય ઈબ્રાહીમ! અમે તમારા માટે શોકગ્રસ્ત છીએ.”

(બિહારુલ અન્વાર, જિલ્દ–૨૨, સફહા–૧૫૭)

**(૧૮) અશ્રુભીની આંખો**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ:

مَنْ ذُكِرْنَا عِنْدَهٗ فَفَاضَتْ عَيْنَاهُ حَرَّمَ اللّٰهُ وَجْهَهٗ عَلَى النَّارِ

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, “એ કે જેની હાજરીમાં અમારો ઉલ્લેખ કરવામાં આવે છે, અને પરિણામે તેની આંખો આંસુ વહાવે છે, તો અલ્લાહ તેના ચહેરાને જહન્નમની આગ પર હરામ ફરમાવશે.”

(બિહારુલ અન્વાર, જિલ્દ–૪૪, સફહા–૧૮૫)

**(૧૯) હુસૈની મેળાવડો**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ لِلْفُضَيْلِ:

تَجْلِسُوْنَ وَتُحَدِّثُوْنَ؟ فَقَالَ: نَعَمْ، قَالَ: اِنَّ تِلْكَ الْمَجَالِسَ اُحِبُّهَا فَاَحْيُوْا اَمْرَنَا، فَرَحِمَ اللّٰهُ مَنْ اَحْيٰى اَمْرَنَا

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફુઝૈલને ફરમાવ્યું, "શું તમે (હુસૈની) મેળાવડો કરીને અંદરોઅંદર વાતચીત અને ચર્ચા કરો છો?" ફુઝૈલે જવાબ આપ્યો, "હા." પછી ઈમામ (અ.)એ ફરમાવ્યું, "હું આવા મેળાવડાઓને સમર્થન આપું છું. તેથી અમારા આ અમ્રને જીવંત રાખો. અલ્લાહ એમના પર રહમત નાઝિલ કરે કે જેઓ અમારા અમ્રને જીવંત રાખે છે."

(વસાઈલુશ્શીઆ, જિલ્દ–૧૦, સફહા–૩૯૧)

**(૨૦) અણમોલ આંસુ**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ:

رَحِمَ اللّٰهُ دَمْعَتَكَ، اَمَآ اِنَّكَ مِنَ الَّذِيْنَ يُعَدُّوْنَ مِنْ اَهْلِ الْجَزَعِ لَنَا وَالَّذِيْنَ يَفْرَحُوْنَ لِفَرَحِنَا وَيَحْزَنُوْنَ لِحُزْنِنَآ، اَمَآ اِنَّكَ سَتَرٰى عِنْدَ مَوْتِكَ حُضُوْرَ اٰبَآئِيْ لَكَ

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ (ઈમામ હુસૈન (અ.) ઉપર વિલાપ કરનારાઓમાંના એક જાણ મસ્માને) ફરમાવ્યું કે, "અલ્લાહ તમારાં આંસુઓ પર રહમત નાઝિલ કરે! ચોક્કસપણે જાણી લો કે તમે એવા છો કે જેઓ અમારી બાબતમાં ચિંતિત હોય અને અમારા સુખમાં સુખી અને અમારા દુઃખમાં દુ:ખી હોય. ચોક્કસપણે જાણી લો કે તમે તમારા મોતના સમયે મારા બાપદાદાઓની પ્રત્યક્ષ હાજરીને નિહાળશો."

(વસાઈલુશ્શીઆ, જિલ્દ–૧૦, સફહા–૩૯૭)

**(૨૧) દાઝેલાં દિલ**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ:

اَللّٰهُمَّ... وَارْحَمْ تِلْكَ الْاَعْيُنَ الَّتِيْ جَرَتْ دُمُوْعُهَا رَحْمَةً لَّنَا وَارْحَمْ تِلْكَ الْقُلُوْبَ الَّتِيْ جَزِعَتْ وَاحْتَرَقَتْ لَنَا وَارْحَمْ تِلْكَ الصَّرْخَةَ الَّتِيْ كَانَتْ لَنَا

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ (નમાઝના મુસલ્લા પર બેસીને (હુસૈન (અ.) પર) રુદન કરનારાઓ માટે અને અહલેબૈત (અ.)ની ઝિયારત કરવા જનારાઓ માટે આ મુજબ) દુઆ માગી હતી કે, "યા રબ! એ આંખો ઉપર તારી રહમત નાઝિલ કર કે જેમણે અમારા માટે કરુણા દર્શાવી હોય; અને એ દિલો પર કે જે અમારા માટે બેચેન અને દાઝેલાં હોય; અને એ દિલો પર કે જે અમારા માટે વિલાપ કરતાં હોય."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૯૮, સફહા–૮)

**(૨૨) શીઆઓની મઝલૂમ હાલત ઉપર આંસુ**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ:

مَنْ دَمَعَتْ عَيْنُهٗ فِيْنَا دَمْعَةً لِّدَمٍ سُفِكَ لَنَآ اَوْ حَقٍّ لَّنَا نُقِصْنَاهُ اَوْ عِرْضٍ انْتُهِكَ لَنَآ اَوْ لِاَحَدٍ مِّنْ شِيْعَتِنَا بَوَّاَهُ اللّٰهُ تَعَالٰى بِهَا فِى الْجَنَّةِ حُقُبًا

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "એ કે જેની આંખોએ અમારાં લોહી વહેવા પર, અથવા અમારા હક્કો કે જેમને છીનવી લેવામાં આવ્યા હોય તેના પર, અથવા અમને અથવા અમારા શીઆઓને અપમાનિત કરવા પર આંસુ વહાવ્યાં હોય, તેના માટે અલ્લાહ તઆલા લાંબા સમય માટે

જન્નતમાં રહેવાની સગવડ કરશે."

(અમાલી (શેખ મુફીદ), સફહા–૧૭૫)

**(૨૩) આસમાનનું રુદન કરવું**

عَنِ الصَّادِقِ عَلَيْهِ السَّلَامُ:

يَا زُرَارَةُ! اِنَّ السَّمَآءَ بَكَتْ عَلَى الْحُسَيْنِ اَرْبَعِيْنَ صَبَاحًا

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "અય ઝુરારા! હઝરત ઈમામ હુસૈન (અ.) (ની શહાદત) ઉપર આસમાને ચાલીસ દિવસો સુધી રુદન કર્યું હતું."

(મુસ્તદરકુલ વસાઈલ, જિલ્દ–૧, સફહા–૩૯૧)

**(૨૪) રસૂલલ્લાહ (સ.) અને શહીદો ઉપર રુદન**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ:

اِنَّ النَّبِيَّ لَمَّا جَآئَتْهُ وَفَاةُ جَعْفَرِ بْنِ اَبِيْ طَالِبٍ وَّزَيْدِ بْنِ حَارِثَةَ كَانَ اِذَا دَخَلَ بَيْتَهُ كَثُرَ بُكَآئُهُ عَلَيْهِمَا جِدًّا وَّيَقُوْلُ: كَانَا يُحَدِّثَانِيْ وَيُؤْنِسَانِيْ فَذَهَبَا جَمِيْعًا.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "જાફર ઈબ્ને અબી તાલિબ (અ.) અને ઝૈદ ઈબ્ને હારિસાની શહાદતના સમાચાર રસૂલલ્લાહ (સ.)એ સાંભળ્યા પછી જ્યારે જ્યારે આપ (સ.) પોતાના ઘરમાં દાખલ થતા, ત્યારે ત્યારે આપ (સ.) તેમના માટે વિપુલ પ્રમાણમાં રડતા હતા અને કહેતા હતા, "તેઓ હંમેશાં મારી સાથે વાતચીત કરતા હતા અને મને ખબર આપતા હતા અને (હવે) તેઓ બન્ને એક સાથે વિખૂટા પડી ગયા છે.""

(મન લા યહઝુરુહુલ ફકીહ, જિલ્દ–૧, સફહા–૧૭૭)

**(૨૫) અહલેબૈત (અ.) પ્રત્યે હમદર્દી**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ:

نَفَسُ الْمَهْمُوْمِ لِظُلْمِنَا تَسْبِيْحٌ وَّهَمُّهُ لَنَا عِبَادَةٌ وَّكِتْمَانُ سِرِّنَا جِهَادٌ فِيْ سَبِيْلِ اللهِ. ثُمَّ قَالَ اَبُوْ عَبْدِ اللهِ عَلَيْهِ السَّلَامُ: يَجِبُ اَنْ يُّكْتَبَ هٰذَا الْحَدِيْثُ بِالذَّهَبِ.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "એ વ્યકિત કે જેનો શ્વાસ અમારી સાથે થયેલ અન્યાય અને જુલ્મ ઉપર દુ:ખી હોય, તે (અલ્લાહનાં વખાણની) તસ્બીહ છે, અને અમારા માટે વ્યકત કરેલ શોક (અલ્લાહની) ઈબાદત છે, અને અમારાં રહસ્યોને છુપાવવાનું તેનું કાર્ય અલ્લાહની રાહમાં જિહાદ છે."

(અમાલી (શેખ મુફીદ), સફહા–૩૩૮)

**(૨૬) શોકમગ્ન ફરિશ્તા**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ:

وَكَّلَ اللهُ قَبْرَ الْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ اَرْبَعَةَ اٰلَافِ مَلَكٍ شُعْثٌ غُبْرٌ يَّبْكُوْنَهُ اِلٰى يَوْمِ الْقِيَامَةِ.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "અલ્લાહે ઈમામ હુસૈન (અ.)ની કબ્ર મુબારક પર તીવ્ર વેદનાવાળા અને શોકગ્રસ્ત ચાલીસ હજાર ફરિશ્તાઓને મોકલ્યા છે કે જેઓ કયામત સુધી તેમના પર રડતા જ રહેશે."

(કામિલુઝિયારાત, સફહા–૧૧૯)

(ક્રમશ:)



Trusted Since
2014
MARVEL
JEWELLERS
દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઇન્સ સાથે
વર્ષોનો વિશ્વાસ
100% BIS હોલમાર્ક
100% બાયબેકની ગેરંટી
મારવેલ જ્વેલર્સની મેનેજમેન્ટની શાખાઓ
મુંબઈ
દુ.નં. 3/એ, હરયુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી, ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ, જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429
સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર, તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530
છાપી
દુ.નં. 2, સાગર કોમ્પ્લેક્ષ, પીરોજપુરા રોડ, છાપી હાઈવે-385210
+91 76988 29593
વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા, જી. પાટણ - 384265
+91 63571 60571
અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ, જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530
સુરત
HAYATT JEWELLERS
ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 1-2-3, બ્લોસમ એવન્યુ, અડાજણ પાટીયા, સુરત પીન-૩૯૫૦૦૯
+91 87805 30370
www.marveljewellers.com
info@marveljewellers.com



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## અલ્લાહનાં વખાણ પોતાની ભાષામાં

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَيَسْتَعْجِلُوْنَكَ بِالْعَذَابِ وَلَنْ يُّخْلِفَ اللّٰهُ وَعْدَهٗ ؕ وَاِنَّ يَوْمًا عِنْدَ رَبِّكَ كَاَلْفِ سَنَةٍ مِّمَّا تَعُدُّوْنَ ﴿٤٧﴾

❁ અને (અય રસૂલ (સ.)!) તેઓ તારાથી અઝાબના સંબંધમાં ઉતાવળ કરે છે, જો કે અલ્લાહ કદી પણ પોતાના વાયદાનો ભંગ કરતો નથી; અને ખચીત જ તારા પરવરદિગાર પાસેનો એક દિવસ એ તેમની ગણતરી પ્રમાણેનાં એક હજાર વર્ષની[1] બરાબર છે. **(સૂરા હજ્જ, આયત–૪૭)**

---

فَاَقِمْ وَجْهَكَ لِلدِّيْنِ حَنِيْفًا ؕ فِطْرَتَ اللّٰهِ الَّتِيْ فَطَرَ النَّاسَ عَلَيْهَا ؕ لَا تَبْدِيْلَ لِخَلْقِ اللّٰهِ ؕ ذٰلِكَ الدِّيْنُ الْقَيِّمُ ۙ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿٣٠﴾

❁ માટે (અય રસૂલ (સ.)!) તું એક જ અલ્લાહનો માનનારો રહીને તેના જ દીન તરફ મોઢું સીધું કરી રાખ; આ અલ્લાહે ઘડેલો સૃષ્ટિનિયમ (ફ઼િતરત) છે (તેને અનુસરીને ચાલ) કે જે સૃષ્ટિનિયમ પર તેણે માણસોને સર્જ્યા છે; અલ્લાહના તે સૃષ્ટિનિયમમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી; સાચો ધર્મ એ જ છે, પરંતુ ઘણાખરા લોકો જાણતા નથી.

**(સૂરા રૂમ, આયત–૩૦)**

---

1 અલ્લાહ ચાહે તો હજાર વર્ષનું કામ એક જ દિવસમાં કરી શકે છે. અલ્લાહ માટે સમય અને સ્થળની કેદ નથી.

سُنَّةَ اللّٰهِ فِی الَّذِیۡنَ خَلَوۡا مِنۡ قَبۡلُ ۚ وَلَنۡ تَجِدَ لِسُنَّةِ اللّٰهِ تَبۡدِیۡلًا ﴿۶۲﴾

❁ અલ્લાહનો આ એ જ નિયમ છે કે જે અગાઉ થઈ ગયેલા લોકોમાં પણ ચાલુ હતો, અને તું અલ્લાહના નિયમમાં કાંઈ પણ ફેરફાર હરગિઝ જોશે નહીં. **(સૂરા અહ્ઝાબ, આયત–૬૨)**

---

وَالصّٰٓفّٰتِ صَفًّا ﴿۱﴾

❁ કસમ છે વ્યવસ્થિત રીતે હારબંધ થઈને ઊભા રહેનાર ફરિશ્તાઓની.

**(સૂરા સાફફાત, આયત–૧)**

---

فَالزّٰجِرٰتِ زَجۡرًا ﴿۲﴾

❁ પછી કસમ છે તે ફરિશ્તાઓની કે જેઓ ધસી જઈને (શયતાનોને) હાંકી કાઢે છે:

**(સૂરા સાફફાત, આયત–૨)**

---

فَالتّٰلِیٰتِ ذِکۡرًا ﴿۳﴾

❁ પછી (કસમ છે) ઝિક્ર (કુરઆન)ની તિલાવત કરનારાઓની: **(સૂરા સાફફાત, આયત–૩)**

---

اِنَّ اِلٰـهَكُمۡ لَوَاحِدٌ ﴿۴﴾

❁ કે નિ:સંશય તમારો માઅબૂદ એક (અને અનાદી) છે. **(સૂરા સાફફાત, આયત–૪)**

---

رَبُّ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَمَا بَیۡنَهُمَا وَرَبُّ الۡمَشَارِقِ ﴿۵﴾

❁ આકાશો તથા પૃથ્વી અને જે કાંઈ તેમની વચ્ચે છે, તેમનો પાલનહાર છે, અને પૂર્વ દિશાઓનો માલિક છે. **(સૂરા સાફફાત, આયત–૫)**

---

وَقَالَ رَبُّكُمُ ادۡعُوۡنِیۡۤ اَسۡتَجِبۡ لَكُمۡ ؕ اِنَّ الَّذِیۡنَ یَسۡتَكۡبِرُوۡنَ عَنۡ عِبَادَتِیۡ سَیَدۡخُلُوۡنَ جَهَنَّمَ دٰخِرِیۡنَ ﴿۶۰﴾

❁ અને તમારા પરવરદિગારે ફરમાવ્યું છે કે તમે મને જ પોકારો. હું તમને જરૂર ઉત્તર આપીશ; નિ:સંશય તે લોકો કે જેઓ મારી ઈબાદત કરવાથી અકડે છે, તેઓ નજીકમાં જ ઝલીલ થઈ જહન્નમમાં દાખલ થશે. **(સૂરા મોમિન, આયત–૬૦)**

# ગુરરુલ હિકમ

غرر الحکم



(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)

(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ એડ. જાફરી

## સચ્ચાઈ

۷۹۔ اَخسَرُ النَّاسِ مَنْ قَدَرَ عَلٰی اَنْ یَقُوْلَ الْحَقَّ وَلَمْ یَقُلْ

૭૯. લોકોમાં સૌથી વધારે નુકસાનમાં તે છે, જે સચ્ચાઈને બોલવા શક્તિમાન હોવા છતાં સચ્ચાઈ ન બોલે.

۸۰۔ اَفْضَلُ الْخَلْقِ اَقْضَاهُمْ بِالْحَقِّ، وَاَحَبُّهُمْ اِلَی اللّٰهِ سُبْحَانَهُ اَقْوَلُهُمْ لِلصِّدْقِ

૮૦. અલ્લાહની મખ્લૂકમાં સૌથી શ્રેષ્ઠ તે છે કે જે સચ્ચાઈની સાથે ચુકાદો આપે, અને અલ્લાહ સુબ્હાનહૂની દૃષ્ટિએ સૌથી પ્રિય તે છે કે જે વધારે સાચું બોલે.

۸۱۔ اَلْمَغْلُوْبُ بِالْحَقِّ غَالِبٌ

૮૧. જે અધિકાર છીનવાઈ જવાના કારણે પરાજિત થાય છે, હકીકતમાં તે જ વિજયી છે.

۸۲۔ اَلْمُحَارِبُ لِلْحَقِّ مَحْرُوْبٌ

૮૨. જેણે સચ્ચાઈ સામે યુદ્ધ કર્યું, તે નષ્ટ થયો.

۸۳۔ اَلْقَوْلُ بِالْحَقِّ خَیْرٌ مِنَ الْعَیِّ وَالصَّمْتِ

૮૩. સચ્ચાઈનું ઉચ્ચારણ કરવું તે, બબડવા કરતાં અને મૌન ધારણ કરવા કરતાં બહેતર છે.

## સચ્ચાઈવાળા

۱۔ غَرَضُ الْمُحِقِّ الرَّشَادُ

૧. દરેક સચ્ચાઈવાળાનું ધ્યેય સાચો માર્ગ છે.

## અલ્લાહના અધિકારો

۱۔ اِعْطَآءُ هٰذَا الْمَالِ فِیْ حُقُوْقِ اللّٰهِ دَخْلٌ فِیْ بَابِ الْجُوْدِ

૧. અલ્લાહના હક્કોને અદા કરવા માટે પોતાની દોલતને દાન કરવી તે ઉદારતાનો જ એક પ્રકાર છે.

۲۔ اَخْرِجْ مِنْ مَّالِكَ الْحُقُوْقَ، وَاَشْرِكْ فِیْهِ

૨. તારી દોલતમાંથી હક્કો અદા કર અને તારા

الصَّدِيْقَ، وَلْيَكُنْ كَلَامُكَ فِيْ تَقْدِيْرٍ، وَّهِمَّتُكَ فِيْ تَفْكِيْرٍ، تَأْمَنِ الْمَلَامَةَ وَالنَّدَامَةَ

મિત્રને પણ તેમાં ભાગીદાર બનાવ; તારી વાણી માપસરની રાખ અને તારી મહત્ત્વાકાંક્ષાઓ સમજી વિચારીને ઘડ કે જેથી તારે શરમાવું કે પસ્તાવું ન પડે.

٣۔ حَقُّ اللّٰهِ سُبْحَانَهٗ عَلَيْكُمْ فِي الْيُسْرِ الْبِرُّ وَالشُّكْرُ وَفِي الْعُسْرِ الرِّضَا وَالصَّبْرُ

૩. સુખમાં તારા પર અલ્લાહનો અધિકાર એ છે કે તું તક્વો અને શુક્ર કરતો રહે, અને દુ:ખમાં એ છે કે સબ્ર અને સંતોષથી કામ લે.

## લોકોના અધિકારો

١۔ جَعَلَ اللّٰهُ سُبْحَانَهٗ حُقُوْقَ عِبَادِهٖ مُقَدِّمَةً لِّحُقُوْقِهٖ، فَمَنْ قَامَ بِحُقُوْقِ عِبَادِ اللّٰهِ كَانَ ذٰلِكَ مُؤَدِّيًا اِلَى الْقِيَامِ بِحُقُوْقِ اللّٰهِ

૧. અલ્લાહે લોકોના હક્કોને પોતાના હક્કો પર પ્રાથમિકતા આપી છે તેથી જે લોકોના હક્કોને અદા કરે છે તેને અલ્લાહના હક્કો અદા કરવામાં મદદ મળી રહેશે.

## સંગ્રહખોરી અને સંગ્રહખોર

١۔ اَلْمُحْتَكِرُ الْبَخِيْلُ جَامِعٌ لِّمَنْ لَّا يَشْكُرُهٗ، وَقَادِمٌ عَلٰى مَنْ لَّا يَعْذُرُهٗ

૧. કંજૂસ સંગ્રહખોર એના માટે ધન ભેગું કરે છે કે જેઓ એના આભારી નથી થતા (એટલે કે તેના વંશજો માટે), અને તેઓ એની તરફ આગળ વધે છે કે જે તેનું કોઈ બહાનું સ્વીકારવાનો નથી (એટલે કે અલ્લાહની તરફ).

٢۔ اَلْاِحْتِكَارُ رَذِيْلَةٌ

૨. સંગ્રહખોરી એ બદી છે.

٣۔ اَلْاِحْتِكَارُ دَاعِيَةُ الْحِرْمَانِ

૩. સંગ્રહખોરી વંચિત રહેવાનું કારણ બને છે.

٤۔ اَلْمُحْتَكِرُ مَحْرُوْمٌ مِّنْ نِّعْمَتِهٖ

૪. સંગ્રહખોર પોતાને મળેલી નેઅમતથી પણ વંચિત છે.

٥۔ مِنْ طَبَآئِعِ الْاَغْمَارِ اِتْعَابُ النُّفُوْسِ فِي الْاِحْتِكَارِ

૫. સંગ્રહખોરી કરીને લોકોને પરેશાનીમાં નાખવા એ બિનઅનુભવી અને અજ્ઞાનીના સ્વભાવમાં જ છે.

٦۔ كُنْ مُّقْتَدِرًا (مُقَدِّرًا)، وَّلَا تَكُنْ مُّحْتَكِرًا

૬. તમારી નાણાંકીય જવાબદારીઓને પૂરી કરનારા બનો અને સંગ્રહખોર ન બનો.

٧۔ اَلْاِحْتِكَارُ شِيْمَةُ الْفُجَّارِ

૭. સંગ્રહખોરી એ દુષ્ટ લોકોની ટેવ છે.



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نہج الاسرار
# નહજુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા
અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

(ગતાંકનું ચાલુ)

## અમ્ર ઈબ્ને આસના નામે પત્ર (મધ્યસ્થીઓની બાબતમાં)

ત્યાર પછી આપ (અ.)એ એક પત્ર અમ્ર ઈબ્ને આસના નામે લખી ફરમાવ્યો,

"બેશક દુનિયા પોતાના સિવાય દરેક વસ્તુથી બેપરવા કરી દેવાવાળી છે, અને તેને ચાહવાવાળાને કંઈ નસીબ નથી થતું સિવાય એના કે તેનો લોભ વધી જાય છે. તે સંગ્રહ કરવાની લાલચથી નિ:સ્પૃહ થતો નથી અને તેને કંઈ પ્રાપ્ત થતું નથી. ત્યાર પછી તેણે જે કંઈ એકઠું કર્યું હોય છે, તેનાથી જુદાઈ થઈ જાય છે. નેકબખ્ત એ છે કે જે અન્યો પાસેથી નસીહત મેળવે. તેથી અય અબૂ અબ્દિલ્લાહ! મુઆવિયાના બાતિલની સાથે પોતાના સવાબને વેડફી ન દે."

## અમ્ર ઈબ્ને આસના નામે પત્ર

અમ્ર ઈબ્ને આસે જવાબ આપ્યો કે અમારો મામલો અલ્લાહની તરફ પાછો ફરનારો છે. હવે અમે પોતાના દરમિયાન કુરઆનને મધ્યસ્થી બનાવ્યું છે...આનો જવાબ આપ (અ.)એ આ રીતે લખીને મોકલાવ્યો,

"સ્પષ્ટ થાય કે આ દુનિયા (ની દોલત) કે જેણે તમને તેના આશિક બનાવી દીધા છે, તે તમારાથી ઝૂંટવાઈ જનારી છે; તેના ઉપર ભરોસો ન કરજો, એ તમારાથી પલટાઈ જનારી છે અને તમારાથી જુદી થઈ જનારી છે, તેથી દુનિયા પર વિશ્વાસ ન કરજો, કારણ કે તે મોટી દગાબાજ છે. જો તમે ભૂતકાળથી ઈબ્રત હાસિલ કરી, તો જે કંઈ બચી ગયું છે તેને સુરક્ષિત કરી લેશો અને જે બાબતોની તમને નસીહત કરવામાં આવી છે, તેનાથી લાભ ઉઠાવનારા થશો."

## અમ્ર ઈબ્ને આસના નામે પત્ર

(ઈમામ અલી (અ.)એ નસીહતની દૃષ્ટિએ એક બીજો પત્ર અમ્ર ઈબ્ને આસને લખ્યો કે દરેક કામમાં અલ્લાહની ખુશનૂદીને ધ્યાનમાં રાખો,

વગેરે)

"બેશક અલ્લાહની નજીક અફઝલતરીન મખ્લૂક એ છે કે જેનો અમલ હક ઉપર હોય અને જેનાથી અલ્લાહ રાજી હોય, પછી ભલે ને તેને કોઈ નુકસાન જ કેમ ન પહોંચે અને અલ્લાહથી દૂર થયેલો નિઢાલ માણસ એ છે કે જેનો અમલ બાતિલ પર હોય, અને તે બાતિલને દોસ્ત ગણતો હોય, ભલે ને તે તેને ફાયદો જ કેમ ન પહોંચાડે. અલ્લાહની કસમ, અય અમ્ર! તું સારી રીતે જાણે છે કે હકનું સ્થાન ક્યાં છે, તેથી જાણીજોઈને અજાણ્યો ન બન. તું અલ્લાહ અને અલ્લાહના દોસ્તો સાથે દુશ્મની કરે છે. અલ્લાહની કસમ, જે કંઈ તારી પાસે આવી રહ્યું છે, તે જલ્દીથી બરબાદ થઈ જશે, તેથી ખયાનત કરવાવાળાઓમાંથી ન થતો, ઝઘડો કરવાવાળો ન બન અને જાલિમોનો મદદગાર ન બન. હું જાણું છું કે તારા માટે એક દિવસ (એવો) આવશે કે તું પસ્તાશે. એ તારા મોતનો દિવસ હશે અને તું તમન્ના કરીશ કે કાશ કોઈ મુસલમાન સાથે અદાવત ન કરી હોત અને મધ્યસ્થી બનવા પર લાંચ ન લીધી હોત."

### ખુત્બો

(જબરદસ્તી સુલેહ કરવા અને મધ્યસ્થી બનાવવાના સમયે)

જ્યારે અશઅસ ઈબ્ને કૈસ અને અહલે કુરા, વગેરે લાંચ લઈને વિરોધી ફિરકાઓ સાથે મળી ગયા અને વીસ હજાર કરતાં મોટા લશ્કરે અમીરુલ મોમિનીન (અ.)ને ઘેરીને કહ્યું કે, "સુલેહ કરવા અને મધ્યસ્થી બનાવવા પર રાજી થઈ જાઓ, નહીંતર અમે બધા મુઆવિયાના સમર્થનમાં આપની સાથે જંગ કરીશું અથવા તો આપને કતલ કરી દઈશું, અથવા આપને મુઆવિયાના હવાલે કરી દઈશું." જો કે, કેટલાક અસ્હાબ તો મધ્યસ્થી બનાવવાના વિરોધમાં જ હતા. આપ (અ.)એ મધ્યસ્થી બનાવવાનું સમર્થન કરનારાઓને ખૂબ સમજાવ્યા કે, "મધ્યસ્થી બનાવવાનું કાર્ય માત્ર દગો છે. આ ફરેબમાં ન આવો." પરંતુ રિશ્વત અને દુનિયાની લાલચે તેમના ઈમાનને કમજોર કરી દીધું હતું અને તેઓ પોતાની જીદ પર અડગ રહ્યા, ત્યારે ઈમામ અલી (અ.)એ તેમને ફરમાવ્યું:

"આ કોમ એ નથી કે જેનું પાછા ફરવું હકની તરફ છે. એ અદ્લ અને ઈન્સાફના કલેમાઓને કબૂલ કરતા નથી, એટલે સુધી કે ચોપગાં જાનવરોથી પાયમાલ ન થાય અને ફોજોથી ધસાઈ ન જાય, એટલે સુધી કે લશ્કર તેમનાં શહેરોમાં ઘૂસી આવશે અને ચારેય દિશાઓમાંથી ગારત કરનારા લોકો એમને લૂંટશે અને લૂંટીને તારાજ કરી દેશે અને તેમના માલને તથા સખી લોકોને, માલે ગનીમતની માફક લૂંટી લેશે, એટલે સુધી કે તેઓ એવી જમાઅતને પણ લૂંટી લેશે કે જેઓ સાચા અને સબ્ર કરનારા હશે. અલ્લાહની ઈબાદતમાં તેમની

પકડ વધારે હશે, અને રાહે ખુદામાં તેઓ મોતની ઈચ્છા રાખનારા હશે. તેઓ અલ્લાહની ઈબાદત અને અલ્લાહના સહવાસના ખૂબ જ ઈચ્છુક હશે. અમે રસૂલલ્લાહ (સ.)ની સાથે હતા અને અમારા બાપ, બેટા, ભાઈ અને કાકાએ પરસ્પર જંગ કર્યો હતો, જેનાથી અમારા ઈમાનમાં વધારો થયો અને જિહાદ માટે અમારો ઉત્સાહ વધતો જ ગયો અને વીરતા અને દૃઢતામાં વધારો થતો ગયો અને પછી એવું થયું કે એક માણસ અમારા તરફથી અને એક અમારા દુશ્મન તરફથી લડવા માટે નીકળતો હતો. તે ઘોડાઓ પર સવાર થઈને ગુરજ વગેરેથી એકબીજા પર હુમલા કરતા હતા, એટલે સુધી કે એમાંથી એકબીજાને મોતનો પ્યાલો પિવડાવી દેતા હતા. ક્યારેક અમારો માણસ દુશ્મનના માણસને કતલ કરી દેતો હતો અને ક્યારેક દુશ્મનનો માણસ અમારા માણસને કતલ કરી દેતો હતો. જ્યારે અલ્લાહે અમને સબ્ર અને સચ્ચાઈની નજીક જોયા, તો અમારા દુશ્મન પર ગઝબ નાઝિલ કર્યો અને અમારી મદદ ફરમાવી. મારા જીવની કસમ! જો આ લોકો એવા જ હોત જેવા કે તમે લોકો આજે છો, તો અલ્લાહનો દીન બરપા જ ન થાત અને ઈસ્લામ અઝીઝ જ ન થાત. અલ્લાહની કસમ! આવા આચરણથી ખૂનરેજી સિવાય કંઈ પ્રાપ્ત નહીં થાય. હું જે તમને કહું છું તેને યાદ રાખો."


Sparkwell

The Heart of every Kitchen.

**ગેસના ભાવ વધારાથી હવે મેળવો છુટકારો**

લઇ આવો નવા જમાનાની ઇલેક્ટ્રિક

**Sparkwell Hot Plate**



| ઇન્ડક્શન | Sparkwell |
|---|---|
| કાચનું મેઇન્ટેનન્સ | હેવી કાસ્ટીંગ પ્લેટ |
| 2000W પાવર (પ્રતિ કલાક 2 યુનિટ) | 1000W પાવર (પ્રતિ કલાક 1 યુનિટ) |
| 15 AMP પ્લગ | 6 AMP પ્લગ |
| વજન કેપેસીટી - 5 kg | વજન કેપેસીટી - 50 kg |
| અલગથી વાસણ લેવા પડે | ઘરના દરેક ફ્લેટ બેઝ વાસણ ચાલે |
| કાચ ઉપર રોટલી બનતી નથી | પ્લેટ ઉપર ડાયરેક્ટ રોટલી બનાવી શકાય |
| PVC બોડી | પાવડર કોટેડ હેવી બોડી |



FREE

**રસોડાની શાન**

9428923123
sparkwellappliances@gmail.com
www.sparkwellappliances.com
ઈલોલ, હિંમતનગર, સાબરકાંઠા- 383220

# PROSUCCESS

## Consultancy Private Limited

## (Tax consultant)

### Multiple Services Under One Roof

**Prosuccess Consultancy Pvt. Ltd.** is here to help new and existing hotels, restaurants, and other businesses by making sure they follow all the necessary rules and get registered properly. We managing accounting tasks, handling GST taxes, ensuring legal compliance, filing income tax return & tax audit, and offering useful advice on running their operations.

### LIST OF SERVICES WE OFFER

| GST Compliance | Income Tax Compliance |
|---|---|
| GST Registration | Income Tax Return Filing |
| GST Return Filing Services | Tax advisory/Tax Planning |
| GST Assessment/Audit | Handling of Income Tax Notices |
| Refund application | TDS Return Filing |
| GST Opinion | Tax Audit Report Filing |
| **Intellectual Property Rights (IPR)** | **Auditing Services** |
| Trademark Registration | Statutory Audit |
| Copyright Registration | Management Audit/Internal Audit |
| Patent Registration | Concurrent Audit |
| Design Registration | Compliance Audit |
| **ROC Services & Compliance** | **Accounting and Bookkeeping Services** |
| Company Incorporation | Computerized Accounting |
| LLP Incorporation | Accounts Payable Management |
| Filing of Annual Returns | Accounts Receivable Management |
| Addition/Removal of Directors | Payroll Processing |
| Strike of Company/LLP | Financial Planning/Analysis |
| **Other Services** | |
| FSSAI Registration | PF Registration & Return Filing |
| ISO Certification | ESIC Registration & Return Filing |
| Import Export Code (IEC) Registration | Subsidy services |
| Udyam (MSME) Registration | Professional Tax (PT) Registration |
| Partnership Deed | Labour Welfare License |
| Project Finance/CMA Data | Factory Act License |

A-307, Synergy Tower, Opp. Commerce House-5, Nr. Vodafone House, Off. S.G. Highway, Corporate Road, Prahladnagar, Ahmedabad-380015

MOHSINHASAN MOMIN +91 990 418 9645
PROSUCCESS OFFICE +91 635 398 3305

prosuccess7@gmail.com



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

**મક્તૂલનામા**

**● સત ગોર પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૨૬૪**

**તબ ફીરોઝ તો ગિરીએ, ઓસહી ઠામા,**
**અને શહીદ તો હોવડે, લે રબકા નામા.**

*(ત્યારે ફીરોઝ ગુલામ એ જ જગ્યાએ પડી ગયા, અને અલ્લાહનું નામ લઈને શહીદ થઈ ગયા.)*

**તબ સા'દકે બેટેને, તા'રીફ ફીરોઝકી કિતી,**
**સો જેસી જંગાઈ, ઉને દેખકર લિતી.**

*(ત્યારે સા'દના બેટાએ ફીરોઝ ગુલામની તા'રીફ કરી કે જેવો જંગ એણે નજરે જોયો હતો.)*

**ખા સોગંદ રે ખુદાકી, એતના આખા,**
**એક ઘૂંટ રે પાણી, ફીરોઝ જો પાતા.**

*(અલ્લાહની કસમ ખાઈને આટલું કહ્યું કે જો એક ઘૂંટ પાણી ફીરોઝ ગુલામને મળી જતું,)*

**તો લશ્કર મેરેકું, એક બસ થા જુવાના,**
**એસા જંગાઈ કરતા, ઈસે દેખને પિછાના.**

*(તો મારા લશ્કર માટે આ એક જુવાન જ કાફી હતો, આવો જંગ કરતાં મેં (ફીરોઝ ગુલામને) જોયા છે.)*

**કે એકસોને તીસ, ઉને નેઝેસું મરાએ,**
**સો સા'દકા બેટા, કેહવે લખેમાં આએ.**

*(સા'દનો બેટો કહે છે કે ૧૩૦ (સિપાહીઓને) ફીરોઝે બરછીથી માર્યા છે, એવું લખવામાં આવ્યું છે.)*

**અને તરવાર સેતી, બીસ કિએ રે ફંના,**
**એ સા'દકે બેટેને, કહ્યા સુનો રે મંના.**

*(અને તલવારથી વીસ (સિપાહીઓનો) નાશ કર્યો છે, આ સા'દના બેટાએ કહ્યું, તે દિલથી સાંભળો.)*

**જબ તો શહાદત, ફીરોઝે પાઈ,**
**તબ અબ્દુલ્લાહ ને, ઔનકું રિક્કત રે આઈ.**

*(જ્યારે ફીરોઝ ગુલામની શહાદત થઈ ગઈ, ત્યારે ઔન અને અબ્દુલ્લાહ સાહેબ રડવા લાગ્યા.)*

**તબ દોનું એ રોએ, ભરભર નેનાં,**
**સો ચચા ભતીજા, રણકે મેનાં.**

*(ત્યારે બન્ને જણા કાકો અને ભત્રીજો, આંખોમાં આંસુ ભરી ભરીને, રણમેદાનમાં ઝારોઝાર રોવા લાગ્યા.)*

**તબ અબ્દુલ્લાહને ચચાકું, ફિર એતના આખા,**
**મેં જાતા હું રણમાં, ફિર રે દાખા.**

*(ત્યારે અબ્દુલ્લાહે (પોતાના) કાકાને ફરીથી એટલું કહ્યું કે હું રણમેદાનમાં જાઉં છું, એવું ફરીથી કહ્યું.)*

**તબ તવક્કલ ઈલાહી, કર અબ્દુલ્લાહ આએ,**
**સો ફિરને મેદાનમાં, આએ રે સુણાએ.**

*(ત્યારે અબ્દુલ્લાહ સાહેબ અલ્લાહ પર ભરોસો કરીને ફરીથી રણમેદાનમાં આવ્યા, એવું સાંભળ્યું છે.)*

**આવ રણમાં મુબારિઝ, તલબ રે કિતા,**
**કેની સામી રે આનેકા, સોચ મન ના દિતા.**

*(મેદાનમાં આવીને લડવૈયાની માગણી કરી, પરંતુ કોઈએ સામે આવવાનો વિચાર ન કર્યો.)*

**તબ સા'દકે બેટેને, ગુસ્સા રે કિયા,**
**કહ્યા લોકુંકું ફટ, તમારા જિયા.**

*(ત્યારે સા'દના બેટાએ ગુસ્સો કર્યો, અને તેના લોકોને કહેવા લાગ્યો કે તમારા જીવવા પર ધિક્કાર થાય.)*

**તબ હુજ્જાજકા બેટા, આયા યૂસુફ રે જાના,**
**એ સુન સુન મોમિનો, મન એતના આના.**

*(ત્યારે હુજ્જાજનો બેટો યૂસુફ આવ્યો. આ સાંભળીને અય મોમિનો! દિલમાં આટલું આવ્યું.)*

**રેતૂહી**

**કે ફરઝંદ ગુલસે નબીકે,**
**આવ રોકા મેદાન રે, આવ રોકા મેદાન;**
**જે ચાવે સોહી કરે,**
**આપ રબ રહેમાન રે, આપ રબ રહેમાન.**

*(નબી સાહેબના ફૂલ જેવા બેટાઓએ આવીને રણમેદાન રોકી લીધું, આપણો પરવરદિગાર મહેરબાન જે ઈચ્છે તે કરે છે.)*

**બયાન નં.૨૯૫**

**તબ યૂસુફને આવ કર, નેઝા રે ચલાયા,**
**સો શહઝાદે અબ્દુલ્લાહકે, સીને પર આયા.**

*(ત્યારે યૂસુફે આવીને નેઝો માર્યો તો તે શાહઝાદા અબ્દુલ્લાહ સાહેબની છાતી પર આવ્યો.)*

**તબ ઉનુંને નેઝેકા, ચુકાયા ઘાવા,**
**ઘાવ ચુકાને યૂસુફકું, દિયા રે દાવા.**

*(ત્યારે તેમણે નેઝાનો ઘા ચૂકવી દીધો, અને ઘા ચૂકાવીને યૂસુફ ઉપર વળતો વાર કર્યો.)*

**સો નેઝા ખેંચ કર, હલકમાં રે મારા,**
**સો સુંસરા આરપાર, કાઢા રે જાના.**

*(નેઝાને ગળા પર જોરથી માર્યો તો તે ગળાની આરપાર નીકળી ગયો. એવું જાણવા મળ્યું છે.)*

**યું ઉસે તો ઘોડેથી, તુરત ગિરાયા,**
**અને ગીરતે જીવ, ગયા રે સુણાયા.**

*(આવી રીતે તેને ઘોડા ઉપરથી તરત જ જમીન ઉપર પાડ્યો, અને પડતાંની સાથે તેનો જીવ નીકળી ગયો. એવું સાંભળ્યું છે.)*

**તબ યૂસુફકા બેટા, તારક રે નામા,**
**વે બાપકું મૂઆ દેખ, ધસ આયા રણ ઠામા.**

*(ત્યારે યૂસુફનો બેટો કે જેનું નામ તારક હતું, તે બાપને મરેલો જોઈને એકાએક મેદાનમાં આવ્યો.)*

**આવ અબ્દુલ્લાહકે સામી, ઉને ઝબાં રે ચલાઈ,**
**સો આપસ હો જેસી, બાત રે બનાઈ.**

*(અબ્દુલ્લાહ સાહેબની સામે આવીને બકવાસ કરવા લાગ્યો, અને જેવો હતો તેવી વાતો બકવા લાગ્યો.)*

**તબ અબ્દુલ્લાહને હુમલા, ઉસ પર કિતા,**
**અને ઘાવ તો નેઝેકા, કિયા રે સુણિતા.**

*(ત્યારે અબ્દુલ્લાહ સાહેબે તેના પર હુમલો કર્યો, અને તેના ઉપર નેઝાનો વાર કર્યો, એવું સાંભળ્યું છે.)*

**તબ તારકને શમશેરસું, નેઝા રે કટાયા,**
**અને અબ્દુલ્લાહકે ઉપર, ઘાવ કરના રે ચાયા.**

*(ત્યારે તારકે તલવારથી નેઝાને કાપી નાખ્યો, અને અબ્દુલ્લાહ સાહેબ ઉપર ઘા કરવાનો વિચાર કર્યો.)*

**તબ મુબારક હાથમાં, હાથ તારકકા લિતા,**
**અને પકડને ઝટકા, એસા રે દિતા.**

*(ત્યારે અબ્દુલ્લાહ સાહેબે પોતાના મુબારક હાથમાં તારકનો હાથ પકડ્યો, અને પકડીને એવો ઝાટકો માર્યો,)*

**કે હાડકે તૂટે, અને ગિરી શમશેરા,**
**ફિર કમ્મર તો પકડી, દુજી રે બેરા.**

*(કે તેનાં હાડકાં તૂટી ગયાં, અને હાથમાંથી તલવાર પડી ગઈ, અને ફરીથી બીજી વાર તેની કમ્મર પકડી.)*

**ખૂબ પકડને જમીંમાં, એસા રે પછાડા,**
**કે ભૂકા ભૂકા હોવડા, ઉસકે હાડા.**

*(મજબૂત રીતે પકડીને એવો જોરથી પછાડ્યો કે તેના હાડકાંના ભૂક્કે ભૂક્કા થઈ ગયા.)*

**યું જમીંમાં ગિરતે, ગયા રે જિયા,**
**એ સુન સુન મોમિનો, મન એતના દિયા.**

*(આવી રીતે જમીન ઉપર પડતાંની સાથે જ તેનો જીવ નીકળી ગયો. આ સાંભળીને મોમિનો! દિલમાં આટલું આવ્યું.*

**રેતૂહી**

**ફરઝંદ બાલે નબીકે,**
**ઝૂઝે રણકે માંહીં રે, ઝૂઝે રણકે માંહીં;**
**એકકું માર ફના કરે,**
**ચલ દુજે પર જાય રે, ચલ દુજે પર જાય.**

*(નબી સાહેબના નાના નાના બેટોઓ રણમેદાનમાં ઝઝૂમી રહ્યા છે, એકને મારીને નાશ કરે છે, અને પછી બીજા (દુશ્મન) ઉપર જાય છે.)*

# میر انیس مرثیہ

# મીર અનીસના મરસિયા



મરસિયા–૧૮ (ગતાંકનું ચાલુ) مرثیہ-۱۸

હરમે પાકનું અસીર બનીને શામમાં જવું દરબારે યઝીદમાં હઝરત બીબી ઝૈનબ (અ.)નો ખુત્બો

حرمِ پاک کا اسیر ہو کے شام میں جانا
دربارِ یزید میں حضرت بی بی زینبؑ کا خطبہ

۸

ماں سے کرتی ہے اشارہ وہ گرفتارِ ستم — رسی کھلوادو نہیں گھٹ کے نکل جائے گا دم
روکے وہ کہتی ہے مجبور ہوں میں کشتۂ غم — ہائے بچی تری قسمت میں تھا یہ درد و الم
صدقے امّاں یہ گرہ عقدہ کشا کھولے گا
بی بی اس عقدۂ مشکل کو خدا کھولے گا

(સિતમમાં ગિરફતાર સકીના (અ.) પોતાની માને ઈશારો કરીને કહે છે કે, "આ રસ્સીને ખોલાવી દો, નહીંતર મારો શ્વાસ રૂંધાઈને નીકળી જશે." તો મા રડીને કહે છે કે, "દુઃખોની મારી હું લાચાર છું. હાય બેટી! તારી કિસ્મતમાં આ દુઃખ અને દર્દ લખાયેલું હતું. તમારી મા તમારા ઉપર કુરબાન થાય, આ ગાંઠ તો હવે મુશ્કિલકુશા જ ખોલશે. અય બીબી! આ મુશ્કેલ ગાંઠને તો અલ્લાહ તઆલા જ ખોલશે.")

۹

ماں سے رو رو کے وہ نادان یہ کرتی ہے بیاں — کس کا دربار ہے، اس حال سے جاتی ہو کہاں
یہ تو کہہ دو کہیں بابا بھی ملیں گے امّاں — کئی دن گذرے ہیں وہ ہیں مری آنکھوں سے نہاں
بھول جائے گا یہ سب دکھ جو انہیں پاؤں گی
دوڑ کر چاند سی چھاتی سے لپٹ جاؤں گی

(તે નાદાન બાળકી રડી રડીને પોતાની માને કહી રહ્યાં છે કે, “આ કોનો દરબાર છે? આવી હાલતમાં કયાં જઈ રહ્યાં છો? અમ્મા! એ તો જણાવો કે મારા બાબા કયાંય મળશે ખરા? ઘણા દિવસો થઈ ગયા છે, તેઓ મારી આંખોથી ઓઝલ છે. જો હું તેઓને પામી લઈશ તો આ બધુંય દુઃખ ભુલાઈ જશે, અને દોડીને એમની ચાંદ જેવી છાતી સાથે વળગી પડીશ.)

૧૦

کہیں دربار میں امّاں وہ اگر مجھ کو ملے     دیکھنا کرتی ہوں کیسے شۂ والا سے گلے

وہ خبر لیویں نہ گردن مری رسّی سے چھلے     اس کو یوں بھولتے ہیں باپ سے بچہ جو پلے

وجہ کیا کون سی تقصیر پہ منہ موڑا ہے؟

سیلیاں کھانے کو اعدا میں مجھے چھوڑا ہے

(અય અમ્મા! જો દરબારમાં કદાચ મારા બાબા મને મળશે, તો તમે જોજો કે હું તેમનાથી કેવી શિકાયત કરું છું! તેઓ ખબર લેતા નથી, મારું ગળું રસ્સીથી છોલાય છે. જે બાળકને તેના બાપે ઉછેર્યું હોય તેને આવી રીતે ભૂલી જવાય? શું કારણ છે? મારા કયા વાંકગુના પર તેમણે મારાથી મોઢું ફેરવી લીધું છે? મને શું દુશ્મનોની વચ્ચે તમાચા ખાવા છોડી દીધી છે?)

૧૧

کان زخمی ہوئے اور لی نہ خبر واہ رے پیار     خوب بھولے مجھے بابا کی محبت کے نثار

دن میں چھاتی سے لگاتے تھے مجھے سو سو بار     مجھ پہ یہ ظلم ہیں آیا انہیں کس طرح قرار

منہ دکھاتے نہیں شفقت سے بلانا کیسا

خواب میں آئے نہ چھاتی پہ سُلانا کیسا

(વાહ રે, આ તે કેવો પ્યાર કહેવાય! મારા કાન ઘાયલ થયા ને મારી ખબર પણ ન લીધી! ખૂબ સારું, મને ભૂલી ગયા! બાબાની મોહબ્બત ઉપર હું કુરબાન. દિવસમાં સો સો વાર મને છાતીએ લગાવતા હતા. મારા પર હવે આવા જુલ્મો થાય છે છતાં તેમને કેવી રીતે કરાર થાય છે? મારા બાબા મોઢું જ બતાવતા નથી તો પછી મહેરબાનીથી બોલાવવાનું વળી કેવું! જ્યારે તેઓ સપનામાં જ આવતા નથી, તો પછી છાતી ઉપર સુવડાવવાનું વળી કેવું!”)

૧૨

روتے تھے سن کے سکینہؑ کا بیاں سارے اسیر     ہر قدم پر تھا یہی شور کہ ہے ہے شبیرؑ

اس طرف ہوتی تھی آرائشِ دربارِ شریر     تخت پر آپ تھا اور کرسیوں پر سارے امیر

اک طرف لوٹ کا سب زیور و زر رکھا تھا
اور تلے فاطمہؑ کے لال کا سر رکھا تھا

(હઝરત બીબી સકીના (અ.)ના આવા શબ્દો સાંભળીને બધાં કેદીઓ રડતાં હતાં. કદમે કદમ પર 'હાય હાય શબ્બીર'નો શોર હતો. આ બાજુ દુષ્ટ (યઝીદ)ના દરબારની સજાવટ થતી હતી. યઝીદ તખ્ત ઉપર બેઠેલો હતો અને ખુરશીઓ ઉપર તેના અમીર–ઉમરાવો બેઠા હતા. એક બાજુ લૂંટેલાં ઝર–ઝવેરાત રાખેલાં હતાં, અને નીચે હઝરત બીબી ફાતેમા (અ.)ના લાલનું સર મુબારક રાખેલું હતું.)

۱۳
نذریں ہاتھوں پہ لیے آتے تھے سب درباری — پڑھتے تھے تہنیت فتح کو باری باری
جمع دربار میں تھی شہر کی خلقت ساری — یاں تو تھا جشن کا غل اور اُدھر تھی زاری
اس طرف سے تو دف و نے کی صدا آتی تھی
اور اس سمت سے ہے ہے کی صدا آتی تھی

(બધા દરબારીઓ હાથમાં નજરાણાં લઈને આવતા હતા, અને એક પછી એક જીતની મુબારકબાદી પેશ કરતા હતા. દરબારમાં આખા શહેરના લોકો ભેગા થયા હતા. આ બાજુ તો જશ્નનો શોર હતો તો બીજી બાજુથી રુદનના અવાજો આવતા હતા. આ તરફથી ડફલી અને વાંસળીના અવાજો આવતા હતા, તો પેલી બાજુથી 'હાય હાય'ના પોકારો આવતા હતા.)

۱۴
دم بدم تخت سے اٹھ اٹھ کے یہ کہتا تھا شریر — قیدی کیوں جلد نہیں آتے ہیں کیا ہے تاخیر
بڑھ کے کرتے تھے خبردار یہ اُس دم تقریر — ضعف سے پاؤں کو تھم تھم کے اٹھاتے ہیں اسیر
مارے دہشت کے لہو اُن کا گھٹا جاتا ہے
ہر قدم ایک ضعیفہ کو غش آ جاتا ہے

(કમઝાત (યઝીદ) વારંવાર તખ્ત ઉપરથી ઊભો થઈને કહેતો હતો કે, "કેદીઓ કેમ જલ્દી આવતાં નથી? શાનો વિલંબ છે?" ત્યારે ખબર આપનારા આગળ વધીને કહેતા હતા કે, "કમજોરીના કારણે કેદીઓ ધીમે ધીમે પગ ઉપાડે છે. દહેશતના માર્યાં તેમનું લોહી ઘટતું જાય છે. ડગલે ને પગલે એક ઝઈફા બેભાન થઈ જાય છે.")

# سیرت ائمہ اہلبیتؑ

# સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

(ગતાંકનું ચાલુ)

**હઝરત અલી (અ.) ઓહદની લડાઈમાં**

આ બાજુ એક હબશી ગુલામને મુઆવિયાની મા હિન્દે ઘણો માલ આપ્યો અને હજુ વધુ માલ આપવાનો વાયદો કર્યો હતો, એ શર્તે કે તે એ ત્રણેય, એટલે કે હઝરત મોહંમદ (સ.) હઝરત અલી (અ.) અને હઝરત હમ્ઝા (અ.)ને કતલ કરી દે. જો બધાને કતલ ન કરી શકે તો તેમનામાંથી કોઈ એકને જ કતલ કરી દે, જેથી તેનો એ ગુસ્સો ઠંડો થઈ જાય કે જે તેને તે કુટુંબથી છે. વળી, તે પોતાના બાપ, કાકા, દીકરા હન્ઝલા, બની ઉમય્યા અને બની અબ્દુશશમ્સના બીજા લોકોની કતલનો બદલો લઈ લે કે જેમને હઝરત અલી (અ.) અને હઝરત હમ્ઝા (અ.)એ બદ્રમાં કતલ કરીને જંગલી ખૂંખાર જાનવરો અને રણપ્રદેશનાં જાનવરોને ખાવા માટે મૂકી દીધા હતા. પરંતુ આ હબશી ગુલામ એ મુશ્કેલીઓને જોઈ રહ્યો હતો કે જે રસૂલે અકરમ (સ.) અને હઝરત અલી (અ.)ને કતલ કરવામાં નડતરરૂપ હતી, કેમ કે રસૂલે અકરમ (સ.) તો પોતાના સહાબીઓના ઘેરામાં હતા. અને હઝરત અલી (અ.) જંગના સમયે આવા ખતરાઓથી ખૂબ જ હોશિયાર અને સચેત રહેતા હતા. અને એવું લાગતું હતું કે જાણે તેઓ દરેક બાજુએથી જોઈ શકે છે. હવે હિન્દને હઝરત હમ્ઝા (અ.)ની જ કતલની ઈચ્છા હતી. તેથી તેણીએ ગુલામને ઘણોબધો માલ આપ્યો અને તે ક્ષણની રાહ જોવા લાગી. તે ગુલામને પણ આના સિવાય કોઈ ચિંતા ન હતી કે ક્યારે હઝરત હમ્ઝા (અ.)ને કતલ કરવા માટે યોગ્ય સમય આવે! તે આપ (અ.)ની તાકમાં એક ચટ્ટાનની પાછળ સંતાઈ ગયો. હઝરત હમ્ઝા (અ.) પોતાની આદત મુજબ કુરૈશના બહાદુરો અને સવારોને મારતા–ભગાડતા તે બાજુએથી પસાર થયા, તો તે ગુલામને તક મળી ગઈ. તેણે પોતાનો ભાલો તેમની તરફ ફેંક્યો. એ તેમને એવો વાગ્યો કે તેઓ ઘાયલ થઈ ગયા. આપ (અ.)ને ચક્કર આવી ગયા, પરંતુ આપ (અ.)એ પોતાના પગોને સંભાળ્યા અને કાતિલની

તરફ આગળ વધ્યા. કાતિલ આપ (અ.)ને પોતાની તરફ આવતા જોઈને થથરવા લાગ્યો, પરંતુ હઝરત હમ્ઝા (અ.)ના પગ ઊપડી ન શક્યા. તેથી તેઓ હલનચલન પણ ન કરી શક્યા અને આપ (અ.)ની રૂહ પરવાઝ કરી ગઈ.

ઉસ્તાદ અબ્દુલ ફત્તાહ, અબૂ સુફયાન અને તેની પત્ની હિન્દ બિન્તે ઉત્બા ઈબ્ને રબીઆના કાર્યની ચર્ચા કરતાં કહે છે કે, તેમની ઔલાદને દુશ્મનાવટની સાથેસાથે તેમના પૂર્વજોની ચાલચલગત પણ વારસામાં મળી હતી. તેથી આપણે જોઈએ છીએ કે આ ઘટનાનાં લગભગ પચાસ–સાઠ વર્ષ પછી પણ તેનો પૌત્ર યઝીદ પોતાના દાદાને નેઝા મારવાના બદલામાં હઝરત ઈમામ હુસૈન (અ.)ના મુબારક મોઢા ઉપર લાકડી મારી રહ્યો છે અને પોતાના દાદાનાં વખાણ કરે છે. જાણે કે મુસ્લા (નાક–કાન કાપવાની રીત) પણ તેના કુટુંબ માટે એક ખૂબીની વાત હતી, અને તેમાં તેમના માટે મનોરંજનની એક સામગ્રી હતી. તે વધુમાં કહે છે કે એવું લાગે છે કે જો બની ઉમય્યાનો આગેવાન એકાંતમાં હોત, તો જમીન ઉપર નમીને હઝરત હમ્ઝા (અ.)નું કલેજું ઉપાડી લેત અને માટી ઝાટકીને તેના મોઢામાં મૂકી દેત કે કદાચ તે પોતાની પત્નીના થૂંકેલામાંથી પણ થોડુંક ગળી શકે.

અમે હઝરત હમ્ઝા (અ.)ની કતલ, તેના પછીની ઘટનાઓ, અને એના સંબંધમાં રસૂલે અકરમ (સ.)નું આચરણ સીરતે મુસ્તફા (સ.)માં જણાવી દીધું છે. એટલા માટે આ કિતાબમાં ફરી જણાવવાની જરૂર નથી.

સીરતે ઈબ્ને હિશામમાં છે કે જ્યારે રસૂલે અકરમ (સ.) ખીણના છેડે પહોંચ્યા, ત્યારે હઝરત અલી (અ.) પોતાની ઢાલમાં પાણી ભરી લાવ્યા અને તેનાથી રસૂલે અકરમ (સ.)ના ચહેરા અને માથા પરથી એ લોહી ધોયું, કે જે આપ (સ.)ના ઘામાંથી વહેતું હતું.

ઈબ્ને અસીરે જણાવ્યું છે કે હઝરત અલી (અ.) પાણી નાખીને રસૂલે અકરમ (સ.)ના ઘા ધોઈ રહ્યા હતા. પરંતુ લોહી નીકળતું બંધ થતું ન હતું. એટલામાં હઝરત બીબી ફાતેમા ઝહરા (અ.) આવી ગયાં. આપ (અ.) રસૂલે અકરમ (સ.)ને ગળે લગાવીને રડવા લાગ્યાં. પછી તેમના ઘાની મલમપટ્ટી કરતાં રહ્યાં, એટલે સુધી કે વહેતું લોહી બંધ થઈ ગયું.

શર્હે નહ્જુલ બલાગામાં વાકદીની રિવાયત છે કે હઝરત બીબી ફાતેમા ઝહરા (અ.) મદીનાથી થોડીક મુસલમાન સ્ત્રીઓ જોડે ચાલી નીકળ્યાં. તે મળીને ચૌદ સ્ત્રીઓ હતી અને મોહંમદ ઈબ્ને સલમા તેમની સાથે હતા, પરંતુ શેખ મુફીદની રિવાયત જણાવે છે કે, જ્યારે રસૂલે અકરમ (સ.) મદીના પાછા આવ્યા, ત્યારે હઝરત બીબી ફાતેમા (અ.) તેમને મળ્યાં હતાં. તેમની પાસે પાણીથી

ભરેલું એક વાસણ હતું. તેથી રસૂલે અકરમ (સ.)એ પોતાનો ચહેરો ધોયો. આ રિવાયતથી તો એ સ્પષ્ટ થાય છે કે હઝરત બીબી ફાતેમા (અ.) ઓહદની તરફ ગયેલી તે સ્ત્રીઓ સાથે નહોતાં નીકળ્યાં. આમાં પ્રથમ જણાવેલી રિવાયત વધારે તર્કસંગત છે, કેમ કે મુસલમાનોની હારના સમાચાર અને રસૂલે અકરમ (સ.)ની કતલ થઈ જવાની અફવા મદીનામાં ફેલાઈ ગયાં હતાં. આ સમાચાર હઝરત બીબી ફાતેમા (અ.)એ જરૂર સાંભળ્યા હશે, કેમ કે તેઓ લડાઈના સમાચારો ઉપર નજર રાખતાં હતાં. તેથી શું આ શક્ય છે કે તેઓ પોતાના વાલિદ અને પોતાના કાકા હઝરત હમ્ઝા (અ.)ની કતલના સમાચાર સાંભળે અને બીજી સ્ત્રીઓની સાથે એ જોવા માટે ન જાય કે પોતાના વાલિદ, પોતાના શોહર અને બીજા મુસલમાનો ઉપર શું વીત્યું? એ જાણવું સહેલું છે કે આ બન્ને સ્થિતિઓમાંથી વાજબી અને માનવાલાયક સ્થિતિ કઈ છે.

શર્હે નહ્જુલ બલાગામાં વાકદીની રિવાયત મુજબ, તે સ્થિતિમાં કે જ્યારે મુશરિકો રસૂલે અકરમ (સ.) ઉપર હુમલા કરી રહ્યા હતા, ત્યારે એકલા હઝરત અલી (અ.)એ જ દુશ્મનના એ ઘોડેસવારો અને બહાદુરોમાંથી બાર લોકોને તલવારથી મારી નાખ્યા કે જેઓ શૂરવીરો હતા.

કતલ થયેલાઓને દફનાવ્યા પછી જ્યારે રસૂલે અકરમ (સ.) પાછા મદીના આવ્યા, ત્યારે હઝરત અલી (અ.) આપ (સ.)ની સાથે હતા અને આપ (અ.)ના હાથ ખભા સુધી લોહીથી રંગાયેલા હતા. હઝરત બીબી ફાતેમા (અ.)એ આપ (અ.)ની પાસેથી ઝુલ્ફિકાર લીધી, તો આપ (અ.)એ કહ્યું, "તેને ધોઈ નાખો, આજે તેણે મને સાચો સાબિત કરી દીધો." કેટલીક રિવાયતોમાં છે કે આપ (અ.) એ આ શેર પઢ્યા:

افاطم هاك السيف ذميم فلست بر عديد ولا بلئيم

لعمری لقد اعذرت نصر احمد و طاعة رب بالعباد عليم

اميطی دماء القوم عنه فإنه سقی ال عبد الدار كأس حميم

(અય ફાતેમા! લો આ તલવાર કે જે બેએબ છે. સારા અને ખરાબ સરખા નથી હોતા. અલ્લાહની કસમ! મેં રસૂલે અકરમ (સ.)ની મદદમાં મારી અંતિમ શક્તિ વાપરી નાખી, એટલે કે, મારા અલ્લાહની તાબેદારીમાં કે જે પોતે પણ જાણવાવાળો છે. તેનાથી લોકોનું લોહી સાફ કરી દો, કેમ કે આ આલે અબ્દુદ્દારને જહન્નમનું ગરમ પાણી પાતી રહી છે.)

ઉસ્તાદ શેખ મોહંમદ ગઝાલીએ પોતાની કિતાબ 'ફિક્હુસ્સીરત'માં ઓહદની લડાઈની ચર્ચા તો કરી છે, પરંતુ તેમાં હઝરત અલી (અ.)ની ચર્ચાને ધ્યાનમાં લીધી નથી; જો કે, આપ (અ.) ન હોત તો ઈસ્લામનું નામોનિશાન જ બાકી ન રહેતું, જેવું કે અહાદીસની કિતાબોથી જાણવા મળે છે કે જેમાં ઓહદની લડાઈ અને તેની ઘટનાઓની ચર્ચા કરવામાં આવી છે. ગઝાલીએ સહીહ મુસ્લિમની

એક રિવાયતની વાત કરી છે કે જેમાં તે કહે છે, "રસૂલે અકરમ (સ.)ની પાસે કુરૈશમાંથી બે અને અન્સારમાંથી ફક્ત સાત લોકો રહી ગયા હતા. આગળ કહે છે કે, "તે સાતેય અન્સાર લડતા રહ્યા, એટલે સુધી કે તેઓ કતલ થઈ ગયા." કુરૈશના બે માણસોની સ્પષ્ટતા તેમણે નથી કરી; જો કે, એ બધી પાયાની કિતાબો કે જેમના ઉપર લેખકોને ભરોસો કરવો પડે છે, તે આવી સ્પષ્ટતા કરે છે કે હઝરત અલી (અ.)એ તે દિવસે એવો જિહાદ કર્યો કે જેનું દૃષ્ટાંત ઈતિહાસમાં જોવા મળ્યું નથી. વળી, આ કિતાબો તે લડાઈમાં હઝરત અલી (અ.)નાં પરાક્રમો અને કુરબાનીઓનું વર્ણન કરે છે, પરંતુ ગઝાલીએ પોતાની કિતાબમાં હઝરત અલી (અ.)ના નામની સ્પષ્ટતા નથી કરી, જાણે કે આપ (અ.)ની આગળ એ મુહાજિરોના આગેવાનોની કોઈ વિશેષતા જ ન હતી, કે જેમણે રસૂલે અકરમ (સ.) પાસેથી નાસી જઈને પર્વત ઉપર આશરો લીધો હતો અને જેમની પાસે તે સિવાય બીજો કોઈ માર્ગ ન હતો કે ઈબ્ને અબી સલૂલ જેવા મુનાફિકનો આશરો શોધે કે જેથી તે તેમના માટે અબૂ સુફ્યાનથી રક્ષણ મેળવી લે; જો કે, તેમની ફરજ હતી કે તેઓ તે સમયે રસૂલે અકરમ (સ.)નો પૂરેપૂરો સાથ આપતા, ભલે ને પછી તે તેમના નિજી સ્વાર્થની વિરુદ્ધ જ હોત. (ક્રમશઃ)


અહેસાનઅલી 87582 16366

# કડીવાલા

**ઓટો ઈલેક્ટ્રીશિયન & કી મેકર**

**મહિન્દ્રા ગાડીના સ્પેશ્યાલીસ્ટ**

- સ્ટાર્ટર
- પાવર વિન્ડો
- સેન્ટરલોકીંગ
- વોલ્ટેનેટર
- કોમ્પ્યુટરાઇઝ કાર સ્કેનીંગ અને પ્રોગ્રામિંગ,

ગાડીનું વાયરીંગ કામ અને દરેક પ્રકારની કાર અને બાઇકની રીમોન્ટ (સેન્ટર)વાળી ચાવી બનાવી આપવામાં આવશે.



બસુ કોમ્પ્લેક્ષ, સાગર હોટલની સામે, રોનક ઓટો કન્સલ્ટની બાજુમાં, હાઇવે રોડ, કાંણોદર - 385520

# الإرشاد
# અલ ઈર્શાદ

લેખક : શેખ મુફીદ ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

## હઝરત ઇમામ મૂસા કાઝિમ ઇબ્ને જાફર (અ.)

(ગતાંકનું ચાલુ)

**ઈમામ મૂસા કાઝિમ (અ.)ના મોઅજિઝાઓ અને આપ (અ.)ની ઈમામતની નિશાનીઓ**

મોહંમદ ઈબ્ને ઈસ્માઈલે મોહંમદ ઈબ્ને ફઝલથી રિવાયત કરી છે કે તેઓ કહેતા હતા કે, વુઝૂમાં બન્ને પગના મસ્હ કરવા (મસ્હ અલ–રિજલૈન) વિષેની રિવાયત વિષે અમારા સાથીઓમાં મતભેદ હતો – કે આ મસ્હ પગની આંગળીઓથી શરૂ કરીને પગની ઘૂંટી સુધી કરવા કે પછી પગની ઘૂંટીથી શરૂ કરીને પગની આંગળીઓ સુધી?

અલી ઈબ્ને યક્તીને તે વિષે એક લખાણ હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)ને મોકલીને પૂછ્યું, "મારો જીવ આપના ઉપર કુરબાન થઈ જાય, અમારા સાથીઓમાં મતભેદ પેદા થઈ ગયો છે કે પગના મસ્હ કેવી રીતે કરવા. જો આપને ઉચિત લાગે તો આપ પોતાના અક્ષરોમાં અમને લખી સમજાવો કે આમાં શું કરવું? તો અમે ઈન્શાઅલ્લાહ આપના બતાવેલા તરીકા પર અમલ કરીશું."

અબુલ હસન ઈમામ મૂસા કાઝિમ (અ.)એ નીચેનો જવાબ લખીને મોકલ્યો,

"વુઝૂમાં મતભેદ વિષેનો તમારો જે મસઅલો છે એને હું સમજી ગયો છું. તેના વિષે મારો હુકમ આ મુજબ છે: તમે ત્રણ વાર કોગળા કરો; ત્રણ વાર નાકમાં પાણી નાખો; ત્રણ વાર પોતાનો ચહેરો ધુઓ; દાઢી પર ઈખ્લાલ [1] કરો; પોતાના માથાનો મસ્હ કરો અને કાનોનો અંદર–બહારથી મસ્હ કરી લો; કોણીથી આંગળીઓના ટેરવા સુધી ત્રણ વાર ધુઓ. આમાં કંઈ વધઘટ ન કરતા."

જ્યારે આ લખાણ અલી ઈબ્ને યક્તીનને મળ્યું, તો તેમને સખત નવાઈ લાગી, કેમ કે જે વિગત આ લખાણમાં હતી તે તેમના સાથીઓએ સ્વીકારેલી પદ્ધતિના વિરુદ્ધ હતી. આ પછી તેમણે કહ્યું, "મારા મૌલાએ જે લખ્યું છે તે જ બરાબર છે. એ જ પદ્ધતિ સાચી છે અને હું તેમના હુકમ પ્રમાણે જ કરીશ."

તેમણે ઈમામ (અ.)ના હુકમ પ્રમાણે

1 ઈખ્લાલ એટલે દાઢીના વાળમાં પાણી પ્રસરી જાય એ રીતે ભીનો હાથ ફેરવવો

અમલ કરવાનું શરૂ કર્યું તો તેઓનો તરીકો બીજા શીઆઓથી જુદો તરી આવ્યો.

હારૂન રશીદને અલી ઈબ્ને યક્તીનના વિરુદ્ધ બાતમી આપવામાં આવી હતી કે તેઓ રાફ્ઝી થઈ ગયા છે. આ ફિરકો હારૂન રશીદનો વિરોધી હતો. હારૂન રશીદે તેમના એક વિશ્વાસુ મિત્રને કહ્યું, "મને અલી ઈબ્ને યક્તીન વિરુદ્ધ ઘણીબધી ફરિયાદો મળી રહી છે. તેઓ મારો વિરોધ કરી રહ્યા છે અને રાફ્ઝી થઈ ગયા છે, પરંતુ હું મારા પ્રત્યેના તેમના વ્યવહારમાં કોઈ પણ જાતની ઊણપ જોતો નથી. મેં તેમની ઘણી વાર પરીક્ષા લીધી છે, પરંતુ કદી તેમને શંકાસ્પદ પામ્યા નથી. હું ફરીથી તેમની કસોટી કરવા ઈચ્છું છું, પરંતુ એ રીતે કે તેમને આની જાણ ન થાય, કે જેથી તેઓ આનાથી સાવચેત ન થઈ જાય."

તેમને એવી જાણકારી આપવામાં આવી, "અમીરુલ મોમિનીન! રાફ્ઝી લોકો વુઝૂની પદ્ધતિ વિષે મુસલમાનોની જમાઅતની રીતથી જુદા પડે છે અને તેમણે તેમાં બદલાવ લાવી દીધો છે. તેઓ પગોને નથી ધોતા. એટલા માટે તે વિષે તેમની પરીક્ષા કરવામાં આવે, પરંતુ તે માટે તેમને પહેલેથી જાણ ન કરવામાં આવે."

"હા," હારૂન રશીદે જવાબ આપ્યો, "આ રીતે તેમના અકીદાની જાણ થઈ જશે."

થોડાક સમય સુધી તેમણે આના વિષે કશું કર્યું નહીં. પછી, એક દિવસ જ્યારે અલી ઈબ્ને યક્તીન તેમના ઘરે કોઈ કામથી રોકાયા હતા ત્યારે હારૂન રશીદ ત્યાં આવ્યો. તે દીવાલની પાછળ સંતાઈને અલી ઈબ્ને યક્તીનને જોઈ રહ્યો.

નમાઝનો સમય થયો એટલે અલી ઈબ્ને યક્તીને વુઝૂ માટે પાણી મંગાવ્યું. તેમણે ત્રણ વાર કોગળા કર્યા, ત્રણ વાર નાકમાં પાણી નાંખ્યું, પછી ત્રણ વાર મોઢું ધોયું. પછી દાઢીનો ઈખ્લાલ કર્યો, પછી કોણીથી આંગળીઓના ટેરવા ધોયા, પછી માથાને ધોયું અને કાનને અંદર અને બહારથી ધોયા. છેવટે તેમણે પોતાના પગોને ત્રણ વાર ધોયા.

હારૂન રશીદ તેમને જોઈ રહ્યો હતો. જ્યારે તેણે વુઝૂની આ પદ્ધતિને જોઈ લીધી, તો પોતે સામે આવ્યો જેથી અલી ઈબ્ને યક્તીન તેને જોઈ લે. હારૂન બોલ્યો, "અલી ઈબ્ને યક્તીન! તમને જે લોકો રાફ્ઝી કહે છે તેઓ જુઠ્ઠા છે."

આ રીતે હારૂન રશીદની નજરમાં અલી ઈબ્ને યક્તીનની આબરૂ રહી ગઈ. ત્યાર બાદ અબુલ હસન (અ.)નું એક લખાણ તેમને મળ્યું જેમાં લખેલું હતું,

"અય અલી ઈબ્ને યક્તીન, હવેથી તમે એ જ રીતે વુઝૂ કરજો જેવી રીતે અલ્લાહે હુકમ આપ્યો છે. તમારા ચહેરાને એક વાર ધોવો વાજિબ છે અને બીજી વાર ધોવો મુસ્તહબ છે. તેવી જ રીતે તમારા હાથોને કોણીઓ સુધી ધુઓ અને તમારા માથાના આગલા ભાગનો મસ્હ કરો અને ભીના હાથોથી પગના ઉપરના ભાગનો મસ્હ કરો. આ

બાબતમાં તમારા ઉપર જે ખતરો હતો તે દૂર થઈ ગયો છે, વસ્સલામ."

અલી ઈબ્ને હમ્ઝા બતાયિનીએ જણાવ્યું છે કે,

"એક દિવસ અબુલ હસન ઈમામ મૂસા ઈબ્ને જાફર (અ.) મદીનાની બહાર આવેલા તેમના એક બગીચા તરફ જઈ રહ્યા હતા. હું પણ તેમની સાથે હતો. આપ (અ.) પોતાના ખચ્ચર ઉપર સવાર હતા અને હું મારા ગધેડા ઉપર સવાર હતો. અમે લોકો એક રસ્તા ઉપર ચાલી રહ્યા હતા તેવામાં રસ્તામાં અમારો ભેટો એક સિંહથી થયો. હું તેને જોઈને ગભરાઈ ગયો, પરંતુ અબુલ હસન ઈમામ મૂસા કાઝિમ (અ.) ડર્યા વિના આગળ વધતા રહ્યા. મેં જોયું કે સિંહ વિવશ થઈને નતમસ્તક થઈને અને ઈમામ (અ.)ને કંઈ કહેવા લાગ્યો. તેને બોલતો જોઈને અબુલ હસન (અ.) રોકાઈ ગયા અને એવું લાગ્યું કે આપ (અ.) સિંહની વાત સમજી રહ્યા હોય. તે સિંહે પોતાના પંજા ખચ્ચરના જીન ઉપર મૂકી દીધા. આ જોઈને મારું દિલ થથરી ગયું અને હું ખૂબ જ ગભરાઈ ગયો. ત્યાર બાદ તે સિંહ રસ્તાની બીજી બાજુએ જતો રહ્યો. ઈમામ (અ.)એ પોતાનું મોઢું કિબ્લા તરફ કર્યું અને નમાઝ પઢી. આપ (અ.) પોતાના હોઠો એ રીતે હલાવી રહ્યા હતા કે મને કંઈ સમજાતું ન હતું. ત્યાર બાદ આપ (અ.)એ સિંહની તરફ ઈશારો કર્યો. જાણે કે આપ (અ.) તેને હુકમ આપી રહ્યા હોય કે, "જતો રહે." સિંહ કંઈ બબડતો રહ્યો ને અબુલ હસન ઈમામ મૂસા કાઝિમ (અ.) "આમીન આમીન" કહેતા રહ્યા.

જ્યારે તે સિંહ અમારી નજરોથી ઓઝલ થઈ ગયો, તો અબુલ હસન (અ.) સીધા રસ્તા ઉપર ચાલતા રહ્યા અને હું આપ (અ.)ની પાછળ પાછળ ચાલતો રહ્યો. ઘણે દૂર સુધી ચાલ્યા બાદ હું આપ (અ.)ની નજીક આવ્યો અને કહ્યું. "હું આપ પર કુરબાન થઈ જાઉં, તે સિંહ સાથે શું બનાવ બન્યો? અલ્લાહની કસમ! હું તો ડરથી ધ્રૂજી રહ્યો હતો, પરંતુ આપની સાથેની તેની વર્તણૂક અચંબામાં નાખે તેવી હતી."

ઈમામ મૂસા કાઝિમ (અ.)એ ફરમાવ્યું, "તે મને ફરિયાદ કરી રહ્યો હતો કે તેની સિંહણને ત્યાં બચ્ચાં થવાનાં છે અને તેમાં તેને તકલીફ પડી રહી છે."

"તેણે મારાથી અરજ કરી કે હું અલ્લાહથી દુઆ કરું કે તે તેની સિંહણની તકલીફોને આસાન કરી દે. એટલા માટે મેં નમાઝ પઢી હતી." ત્યાર બાદ તે સિંહે પૂછ્યું કે, "શું બચ્ચું નર છે?" મેં જવાબ આપ્યો, "હા." ત્યારે તેણે કહ્યું, "જાઓ, અલ્લાહ આપનું રક્ષણ કરશે. અલ્લાહ આપની આવનાર નસલો અને આપના શીઆઓને જંગલી પ્રાણીઓનાં જોખમોથી સુરક્ષિત રાખશે." મેં કહ્યું, "આમીન."

આ પ્રકારના પ્રસંગો ઘણાય છે; જો કે, આ કિતાબ માટે ઉપર વર્ણવેલ પ્રસંગો પૂરતા છે.

100%
કુદરતી અને રસાયણ મુક્ત

શુધ્ધતા પણ, સ્વાસ્થ્ય પણ, સ્વાદ પણ...

# એગ્રીનેચર

બંધાણી ફાર્મર્સ એલ.એલ.પી.

"ખેડૂતો દ્વારા ઉત્પાદિત ઘાણીના કોલ્ડ પ્રેસ્ડ તેલ અને ચક્કીના વિવિધ મસાલા"

## અમારા ત્યાં બનતા ઉત્પાદનો

| ઘાણીના તેલ | મસાલા | ↓↓↓ |
|---|---|---|
| સિંગ તેલ (મગફળીનું તેલ)<br>સરસવ તેલ<br>રાયડા તેલ<br>તલ તેલ<br>કોપરેલ તેલ<br>બ્લેન્ડેડ હેર ઓઇલ<br>બ્લેન્ડેડ મસાજ ઓઇલ | પ્રીમિયમ મરચું પાઉડર<br>રેશમપટ્ટી મરચું પાઉડર<br>હોટ તેજા મરચું પાઉડર<br>પ્રીમિયમ હળદળ પાઉડર<br>પ્રીમિયમ ધાણા જીરું<br>ધાણા પાઉડર<br>સિંધવ નમક<br>નેચરલ ચા પત્તી | ડીલર બનવા અને વ્યાપારિક પૂછપરછ આવકાર્ય |



- ઉત્તર ગુજરાતના દરેક વિસ્તારોમાં ઉપલબ્ધ
- ગુણવત્તાની સંપૂર્ણ ખાતરી
- ભેળસેળ મુક્ત અને કુદરતી પદ્ધતિથી ઉત્પાદન
- અમારી વસ્તુ પસંદ ના આવે તો 100% રીફન્ડ (પરત) આપવામાં આવશે
- મક્તબાહ જાફરીયા ટ્રેડ ફેર, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ, સ્ટાર્ટઅપ ગુજરાત સમિટ, WSSRO એક્ઝીબિશનમાં લોકોનો બહોળો પ્રતિસાદ

ગામ : બાદરગઢ, તાલુકો : પાલનપુર - બનાસકાંઠા, ગુજરાત - ૩૮૫૪૧૦

વધુ માહિતી માટે સંપર્ક કરો:
83476 14814

હઝરત ઇમામ ઝૈનુલ આબેદીન (અ.)ની કિતાબ
'રિસાલા હુકૂક'ની શર્હ

# આઈનાએ હુકૂક

સંપાદક: જનાબ કુદ્રતુલ્લાહ મશાયખી સાહેબ

# જ્ઞાનગોષ્ઠિ

સંપાદક: મોમિનરત્ન

## એનો હક કે જેણે તમારી સાથે બુરાઈ કરી હોય

(ગતાંકનું ચાલુ)

**માફી અને સફ્હ વચ્ચેનો તફાવત**

સૂરા નૂરમાં ઈર્શાદ છે:

وَلَا يَأْتَلِ أُولُوا الْفَضْلِ مِنْكُمْ وَالسَّعَةِ أَنْ يُؤْتُوا أُولِي الْقُرْبَىٰ وَالْمَسَاكِينَ وَالْمُهَاجِرِينَ فِي سَبِيلِ اللَّهِ ۖ وَلْيَعْفُوا وَلْيَصْفَحُوا ۗ أَلَا تُحِبُّونَ أَنْ يَغْفِرَ اللَّهُ لَكُمْ ۗ وَاللَّهُ غَفُورٌ رَحِيمٌ ﴿٢٢﴾

*(અને તમારામાંથી જે લોકો આર્થિક દૃષ્ટિએ બરતરી ધરાવે છે, અને ખુશાલ જિંદગી પસાર કરે છે, તેઓ એવી કસમ ન ખાય કે પોતાના નિકટવર્તી લોકો, મિસ્કીનો અને રાહે ખુદામાં જિહાદ કરવાવાળાઓને કંઈ નહીં આપશે, તેમને માફ અને દરગુઝર કરવું જોઈએ. શું તમને એ પસંદ નથી કે ખુદા તમને બખ્શી દે? અને ખુદા ગફૂરો રહીમ છે.)* (સૂરા નૂર, આયત-૨૨)

આ આયત સૂરા નૂરમાં 'ઈફ્ક'ના પ્રસંગ પછીની છે. આ આયતમાં એ હકીકત બયાન થઈ છે કે જેવી રીતે તમારામાંથી દરેક એવું ઈચ્છે છે કે ખુદા તેના ગુનાહને માફ કરી દે, તો તેણે પોતાના એ હક્કોથી આંખ મીચામણાં કરવાં જોઈએ કે જે એકબીજાથી ટકરાવાના પરિણામે પ્રાપ્ત થાય છે.

ધ્યાનપાત્ર બાબત એ છે કે "عفو و صفح"ના શાબ્દિક અર્થમાં તફાવત આ પ્રમાણે છે. રાગિબ કહે છે: عفو, صفحથી બુલંદ મર્તબો ધરાવે છે કેમ કે عفو મલામત, ઠપકા અને ફિટકાર, ગુસ્સા અને કોપ વગર હોય છે, પરંતુ જે વ્યક્તિ નાનામાં નાનો બદલો લેવાથી તો રોકાઈ જાય છે, પરંતુ ઝબાનથી તેના અપરાધને બયાન કરતો રહે છે, તો હકીકતમાં તેણે عفو નથી કર્યું.

**બુરાઈનો બદલો ભલાઈથી**

કુરઆને મજીદમાં માફી અને દરગુઝરીથી પણ મહત્ત્વનું અને બુલંદ કાર્ય બયાન થયું છે અને તે છે બુરાઈનો બદલો નેકી અને ભલાઈથી આપવો. એમાં શક નથી કે આ અમલ ઈન્સાની રૂહની બુલંદતરીન તજલ્લી (ઝલક) છે કે જેના માટે રૂહની ખાસ પવિત્રતા અને અખ્લાકની શ્રેષ્ઠતાની જરૂર છે. અને આ જ બહેતરીન સબક છે કે જે અપરાધીને આપી શકાય છે, અને એના દ્વારા જ અદાવતો અને દુશ્મનોને ખતમ કરી શકાય છે. સૂરા

ફુસ્સિલતમાં તેનું સુસ્પષ્ટ વર્ણન થયું છે:

وَلَا تَسْتَوِى الْحَسَنَةُ وَلَا السَّيِّئَةُ

(સૂરા ફુસ્સિલત, આયત–૩૪)

ખૂબી અને બદી સમાન નથી. બહેતરીન અને સભ્ય તરીકાથી બચાવ કરો કે એનાથી દુશ્મન પણ તમારો દોસ્ત બની જશે, અને આ કામને એ જ અંજામ આપી શકે છે કે જે સબ્ર અને ધીરજની તાકાત અને શક્તિ ધરાવતો હોય, અને આ મર્તબા પર એ જ પહોંચી શકે છે જેમાં ઈન્સાનિયતના ગુણો હોય.

આ આયતમાં ચમત્કારિક અસર પેદા કરે એવો એક ઉપાય બયાન થયો છે અને તે છે સર્વશ્રેષ્ઠ તરીકાથી બચાવ કરવો. એના દ્વારા મોટા મોટા દુશ્મનોને દોસ્ત બનાવી શકાય છે, પરંતુ આ મર્તબા પર એ જ પહોંચી શકે છે કે જે ઈમાન અને તક્વા તેમ જ ઈલ્મી અને અખ્લાકી ફઝાએલથી સજ્જ હોય અને નફ્સની ઈચ્છાઓ પર સબ્ર કરવાનો અને એમનો મુકાબલો કરવાની તાકાત ધરાવતો હોય, અને આ બન્ને નાકાબિલે કબૂલ હકીકતો છે.

સભ્ય તરીકાથી બચાવ, દુશ્મનીને ખતમ કરે છે. હકીકત એ છે કે પ્રતિસ્પર્ધી અહીંથી જ ઈન્તેકામ લેવાની તાકમાં હોય છે અને ઘણી વાર પોતાને ઈન્તેકામનો હકદાર સમજતો હોય છે, પરંતુ એનાથી ઊલટું, જ્યારે તેની બદી અને બુરાઈનો જવાબ નેકી અને ભલાઈથી આપવામાં આવે છે, તો તેનું સૂતેલું ઝમીર જાગૃત થઈ જાય છે અને અંદરથી તે પોતે એના મુકાબલામાં સફ બાંધીને તૈયાર થઈ જાય છે અને તેનું ઝમીર પોતે પ્રતિસ્પર્ધીની બેગુનાહી અને પોતાની ખતાકારીની ગવાહી આપે છે અને તેને પોતાનો રસ્તો બદલવા પર મજબૂર કરે છે.

**તાકાત હોવા છતાં માફ કરવું**

માફ કર્યું ત્યારે કહેવાય, જ્યારે કોઈ શખ્સ ઈન્તેકામ લેવાની તાકાત અને કુદરત ધરાવતો હોય, છતાં પોતાના ગુસ્સાને પી જાય અને ઈન્તેકામ ન લે; પરંતુ જેની અંદર ઈન્તેકામ લેવાની તાકાત અને કુદરત ન હોય, તે એવું નથી કહી શકતો કે મેં ફલાણી વ્યક્તિને માફ કરી દીધી. આ બાબતની સાબિતી માટે બે નમૂનાઓને જુઓ.

**હઝરત યૂસુફ (અ.)નું માફ કરવું**

કુરઆન હઝરત યૂસુફ (અ.) અને એમના ખતાકાર ભાઈઓનો કિસ્સો બયાન કરે છે. જ્યારે તેઓ ત્રીજી વખત મિસ્ર ગયા અને યૂસુફ (અ.)ના ભાઈ હોવાના નાતે તેમના પરિચય માટે જમીન હમવાર થઈ ગઈ તો તેમણે કહ્યું,

قَالُوْٓا ءَاِنَّكَ لَاَنْتَ يُوْسُفُ ۭ قَالَ اَنَا يُوْسُفُ وَهٰذَآ اَخِيْ ۡ قَدْ مَنَّ اللّٰهُ عَلَيْنَا ۭ اِنَّهٗ مَنْ يَّتَّقِ وَيَصْبِرْ فَاِنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ الْمُحْسِنِيْنَ ۝

*(શું આપ જ યૂસુફ છો? ફરમાવ્યું, "હું જ યૂસુફ છું અને આ મારા ભાઈઓ છે. ખુદાએ મારા પર એહસાન કર્યો છે. બેશક, જે શખ્સ પરહેઝગારી અને સબ્રથી કામ લે છે, તો ખુદા પણ નેકી અને એહસાન કરવાવાળાના બદલાને નષ્ટ નથી કરતો.)*

(સૂરા યૂસુફ, આયત–૯૦)

એ વખતે યૂસુફ (અ.)એ તેમની ભૂતકાળની ભૂલોને યાદ દેવડાવી અને તેમને પૂછ્યું, "હવે તમારી સાથે કેવો વ્યવહાર કરવામાં આવે?" તેમણે કહ્યું, "યૂસુફ! અમે ખતાકાર છીએ, આપને હક છે કે જે સજા ઈચ્છો, તે અમને આપો, પરંતુ કરમ ફરમાવો અને અમારી ખતાઓને માફ કરી દો." યૂસુફ (અ.) એ ફરમાવ્યું:

قَالَ لَا تَثْرِيْبَ عَلَيْكُمُ الْيَوْمَ ۖ يَغْفِرُ اللّٰهُ لَكُمْ ۖ وَهُوَ اَرْحَمُ الرّٰحِمِيْنَ ﴿٩٢﴾

*(આજે તમારા ઉપર કોઈ ઈલ્ઝામ નથી. ખુદા તમને માફ કરે, અને (તે) સૌથી વધારે રહમ કરવાવાળો છે.)* (સૂરા યૂસુફ, આયત–૯૨)

આ કિસ્સામાં હઝરત યૂસુફ (અ.) ઈન્તેકામ લેવા પર કુદરત ધરાવે છે, પરંતુ તેમને માફ કરી દે છે. આને કહેવાય માફ કરવું તે.

**મક્કાના વિજય વખતે રસૂલલ્લાહ (સ.)નું માફ કરવું**

હિજરતના આઠમા વર્ષે રસૂલલ્લાહ (સ.) એ મક્કાને ઘેરો ઘાલ્યો અને શહેરમાં દાખલ થયા. જ્યારે મસ્જિદુલ હરામમાં દાખલ થયા, હજરે અસ્વદને ચુંબન કર્યું અને ફરમાવ્યું, "હક આવી ગયું, બાતિલ ચાલ્યું ગયું; બેશક, બાતિલ બરબાદ થવાવાળું જ હતું." ત્યાર પછી આપ (સ.)એ બુતોને તોડવાનો હુકમ ફરમાવ્યો. ત્યાર પછી لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ وَحْدَهٗ પઢ્યું અને મક્કાવાળાઓને ફરમાવ્યું, "તમે શું કહો છો? અને તમારો શું ખ્યાલ છે?" તેમણે કહ્યું, "અમે નેક વાત કહીએ છીએ અને નેક ઉમ્મીદ અને આશા રાખીએ છીએ. આપ અમારા કરીમ અને માફ કરવાવાળા ભાઈ અને કરીમના ફરઝંદ છો. આજે આપ વિજયી છો."

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, "આજે હું તમને એ જ કહું છું કે જે યૂસુફ (અ.)એ પોતાના ભાઈઓને ફરમાવ્યું હતું:

لَا تَثْرِيْبَ عَلَيْكُمُ الْيَوْمَ ۖ يَغْفِرُ اللّٰهُ لَكُمْ ۖ وَهُوَ اَرْحَمُ الرّٰحِمِيْنَ

આજે તમારા માટે કોઈ ખોફ અને ખતરો નથી અને (અલ્લાહે) બધાને માફ કરી દીધા. અને ફરમાવ્યું, "જાઓ, મેં તમને બધાને આઝાદ કર્યા." રસૂલલ્લાહ (સ.) આ વખતે સત્તા અને કુદરતની બુલંદી પર છે, જો ઈચ્છે તો બધાને કતલ કરી શકે છે, પરંતુ માત્ર એ લોકોથી ઈન્તેકામ લીધો કે જેમણે ઈન્સાનિયતને ન શોભે તેવા જુલ્મો કર્યા હતા, જ્યારે બાકીના લોકોને માફ કરી દીધા.

(તારીખે પયામ્બરે ઈસ્લામ, સફહા–૩૨૪)

આ સિલસિલામાં ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ (અ.) ફરમાવે છે,

"એ વખતે માફી અને બક્ષિસની ફઝીલત દેખાઈ આવે છે કે જ્યારે દરેક કુદરત પ્રાપ્ત હોય."

(શર્હે ગુરર વ ગુરર, જિલ્દ–૪, સફહા–૩૨૪)

બીજી જગ્યાએ ફરમાવે છે,

"સર્વશ્રેષ્ઠ માફી એ છે કે જે તાકાત અને કુદરત હોવા છતાં આપવામાં આવે."

નહ્જુલ બલાગાના કલેમાઓમાં ફરમાવે છે,

"જ્યારે પોતાના દુશ્મન પર ગાલિબ આવી જાઓ, તો એ ગાલિબ આવવાનો શુક્રિયા એ છે કે તેને માફ કરી દો."

(શર્હે ગુરર વ દુરર, જિલ્દ–૨, સફહા–૪૪૫)

# જાફરી મશાયખી ટૂર ઓપરેટર્સ એસોસિએશન
# સભ્ય લીસ્ટ

નીચે જાફરી મશાયખી ટૂર ઓપરેટર્સ અસોસિએશનના સભ્યોનું લીસ્ટ આપેલ છે,
તો શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતના મોમિનોએ ઉમરા-ઝિયારત માટે
નીચે આપેલા ટૂર ઓપરેટર્સ સાથે જ જોડાવું.

| SR NO. | NAME | CONTACT NUMBER | ADDRESS |
|---|---|---|---|
| 1 | MEHER TOUR (ISMAILBHAI NURBHANEJ) | 94263 43907 | ILOL |
| 2 | VAFADAR TOUR (JAFARBHAI BHATT) | 99988 97720 | JETHIPURA |
| 3 | ZAHEER TOUR (MASOOMBHAI) | 94276 83930 | KESIMPA |
| 4 | FAIZ-AL-IMAN TOUR (SADIKBHAI FATTEH) | 98204 91740 | PIROJPURA |
| 5 | SIFAT TOUR (ABBASBHAI MUKHI) | 98987 02477 | KHADIYASANA |
| 6 | AL-IMAAN TOUR (MOHAMMADHUSAIN BHURA) | 98795 58670 | ILOL |
| 7 | AN NAJM TOUR (MANJURHUSAIN SELIYA (BHURA)) | 98333 25099 | KAKOSHI |
| 8 | ZAINAB TOUR (MANJURHUSAIN MOMIN) | 99984 69211 | SATHAL |
| 9 | AL-MUSA TOUR (SHABBIRBHAI SUTHAR) | 99258 98382 | KESIMPA |
| 10 | AL FURAT TOUR (AHMADABBAS CHUDIYA) | 97240 14715 | KAKOSHI |
| 11 | ALAMDAR TOUR (BAKARALI BHATT) | 99988 22121 | JETHIPURA |
| 12 | KHIDMAAT TOUR (IMTIYAZALI VIJAPURA) | 99989 69440 | JETHIPURA |
| 13 | AAFIYAT TOUR (AKBARBHAI GANI) | 99043 60449 | BADARPUR |
| 14 | AL HUSSAINI TOUR (HASANALI PANYA) | 9824968960 | MOLIPUR |
| 15 | MANOHAR TOUR (ABIDALI BHURA) | 97125 62180 | ILOL |
| 16 | AMIN TOUR (MOHAMMADBHAI DHARKHAD) | 99790 28530 | BADARPUR |
| 17 | AAMIR TOUR (HASANBHAI PALSANIYA) | 79843 17588 | RASULPUR |
| 18 | ALAWI TOUR (SADIKBHAI MUKHI) | 98254 11440 | KHADIYASANA |
| 19 | ZABOOR TOUR (HASANALI ZABOOR) | 93248 18041 | KHADIYASANA |

# તહ્ઝીબુલ ઇસ્લામ

تہذیب الاسلام

લેખક: અલ્લામા મોહંમદ બાકિર મજલિસી
ઉર્દૂ અનુવાદક: મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી
ગુજરાતી અનુવાદક: હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## પ્રકરણ–૨

## પુરુષો અને સ્ત્રીઓએ ઘરેણાં પહેરવાં, સૂરમો લગાવવો, આઈનામાં જોવું અને ખિઝાબ લગાવવાના આદાબ

### (૧૦) આઈનામાં જોવાના આદાબ

મોઅતબર સનદથી હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, રસૂલે ખુદા (સ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે, "જે યુવાન આઈનામાં વધારે જુએ અને ખુદાએ જે સૌંદર્ય તેને આપ્યું છે તે માટે, અને તેમાં કોઈ એબ આપ્યો નથી, તેના લીધે ખુદાની હમ્દ વધારે કરે, તો ખુદાવંદે આલમ તેના માટે જન્નત વાજિબ કરે છે."

કેટલીક રિવાયતોમાં વર્ણન કરવામાં આવ્યું છે કે, "રસૂલે ખુદા (સ.) આઈનામાં જોતા જતા હતા અને સર મુબારકના વાળોમાં અને દાઢીમાં કંઘી કરતા જતા હતા અને પોતાની બીબીઓ અને સહાબીઓને હુકમ કરતા હતા કે, "શણગાર કરો કે ખુદા એ વાતને પસંદ કરે છે કે તેનો બંદો તેના ઈમાની ભાઈથી મુલાકાત કરે અને તેના માટે શણગાર કરે અને દરેક સમયે પોતાની જાતને સુઘડ રાખે.""

હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે જ્યારે કોઈ વ્યકિત આઈનામાં જોવાની ઈચ્છા કરે, તો આ દુઆ પઢે:

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ خَلَقَنِىْ فَاَحْسَنَ خَلْقِىْ، وَصَوَّرَنِىْ فَاَحْسَنَ صُوْرَتِىْ، وَزَانَ مِنِّىْ مَا شَانَ مِنْ غَيْرِىْ، وَاَكْرَمَنِىْ بِالْاِسْلَامِ

(બધા જ પ્રકારનાં વખાણ એ અલ્લાહના માટે શોભે છે કે જેણે મને પેદા કર્યો અને મારું સર્જન સારામાં સારું કર્યું. એણે મારો ચહેરો એવો બનાવ્યો કે આનાથી બહેતર ચહેરો થઈ શકતો જ નથી. એણે મને એ વસ્તુથી સુંદર બનાવ્યો કે મારા સિવાય કોઈ બીજામાં એ વસ્તુઓ હોત, તો એબ ગણવામાં આવત. અને પછી તેણે મને ઈસ્લામની ઈજ્જત બખ્શી.)

ફિકહે રઝામાં લખેલું છે કે જ્યારે કોઈ અરીસામાં જુએ, તો યોગ્ય છે કે અરીસો ડાબા હાથમાં લઈને બિસ્મિલ્લાહ પઢે અને જે સમયે અરીસા પર નજર પડે, જમણો હાથ પેશાનીથી

હડપચી સુધી ફેરવે અને હડપચી હાથમાં લઈને આઈનામાં જુએ અને આ દુઆ પઢે:

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ خَلَقَنِیْ بَشَرًا سَوِیًّا، وَزَیَّنَنِیْ وَلَمْ یَشِنِّیْ، وَفَضَّلَنِیْ عَلٰی کَثِیْرٍ مِنْ خَلْقِهٖ، وَمَنَّ عَلَیَّ بِالْاِسْلَامِ، وَرَضِیَهُ لِیْ دِیْنًا

(દરેક પ્રકારનાં વખાણ એ અલ્લાહના માટે શોભે છે કે જેણે મને સુડોળ માણસ બનાવ્યો, સૌંદર્ય આપ્યું, દરેક પ્રકારના એબથી દૂર રાખ્યો, પોતાની મખ્લૂકમાંથી ઘણાઓ ઉપર મને ફઝીલત આપી, ઈસ્લામ દ્વારા મારા ઉપર ખાસ ઉપકાર કર્યો, અને મારા માટે ઈસ્લામને જ દીન તરીકે પસંદ ફરમાવ્યો.)

પછી એ આઈનો હાથમાંથી મૂકી દે અને આ દુઆ પઢે:

اَللّٰهُمَّ لَا تُغَیِّرْ مَا بِنَا مِنْ نِعَمِكَ وَاجْعَلْنَا لِاَنْعُمِكَ مِنَ الشَّاكِرِیْنَ وَلِاٰلَآئِكَ مِنَ الذَّاكِرِیْنَ

(અય અલ્લાહ! જે નેઅમતો તેં મને અતા ફરમાવી છે, એમનામાં ફેરબદલ ન કરતો અને મને પોતાની નેઅમતોનો શુક્ર કરવાવાળાઓમાં અને પોતાના ઉપકારોનો ઝિક્ર કરવાવાળાઓમાં ઉઠાડજે.)

બીજી રિવાયતમાં છે કે આઈનો ડાબા હાથમાં લઈને મોઢું જુઓ અને આ દુઆ પઢો:

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ اَحْسَنَ وَاَكْمَلَ خَلْقِیْ، وَحَسَّنَ خُلُقِیْ، وَخَلَقَنِیْ خَلْقًا سَوِیًّا، وَّلَمْ یَجْعَلْنِیْ جَبَّارًا شَقِیًّا. اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ زَیَّنَ مِنِّیْ مَآ اَشَانُ مِنْ غَیْرِیْ، اَللّٰهُمَّ كَمَآ اَحْسَنْتَ خَلْقِیْ فَصَلِّ عَلٰی مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ، وَحَسِّنْ خُلُقِیْ، وَتَمِّمْ نِعْمَتَكَ عَلَیَّ، وَزَیِّنِّیْ فِیْ عُیُوْنِ خَلْقِكَ، وَجَمِّلْنِیْ فِیْ عُیُوْنِ بَرِیَّتِكَ، وَارْزُقْنِیْ الْقَبُوْلَ وَالْمَهَابَةَ وَالرَّاْفَةَ وَالرَّحْمَةَ یَآ اَرْحَمَ الرَّاحِمِیْنَ

(બધાં વખાણ એ અલ્લાહ માટે ખાસ છે કે જેણે મારું સર્જન સુંદર અને સંપૂર્ણ કર્યું, મને સારા ગુણ આપ્યા, મને સુડોળ બનાવ્યો અને મને બદનસીબ અને જાલિમ બનાવ્યો નથી. બધી તારીફ એ ખુદાના માટે છે કે જેણે મારા માટે જે વસ્તુઓ બનાવી એ વસ્તુઓને શોભા તરીકે બનાવી કે જે મારા સિવાયના માટે એબ છે. અય અલ્લાહ! જેમ તેં મારો ચહેરો પવિત્ર બનાવ્યો છે, બસ એ જ રીતે મોહંમદ (સ.) વ આલે મોહંમદ (અ.) પર દુરૂદ નાઝિલ ફરમાવ અને મારી સીરત પણ એવી જ પવિત્ર બનાવી દે. મારા પર પોતાની નેઅમતોને પૂર્ણ કર. મને પોતાના લોકોની નજરોમાં ઈજ્જત અને શોભા આપ. અને અય બધા રહમ કરવાવાળાઓમાં સૌથી વધારે રહમ કરનાર! મને અલ્લાહના ડરનો સ્વીકાર, મહેરબાની અને રહમત ઈનાયત ફરમાવ.)

એક બીજી રિવાયતમાં નકલ કરવામાં આવ્યું છે કે, "રસૂલે ખુદા (સ.)એ હઝરત અલી (અ.)ને ફરમાવ્યું કે, "અય અલી! જ્યારે તમે આઈનામાં જુઓ, તો આ દુઆ પઢ્યા કરો:

اَللّٰهُمَّ كَمَا حَسَّنْتَ خَلْقِیْ فَحَسِّنْ خُلُقِیْ وَرِزْقِیْ

(અય અલ્લાહ! જેવી રીતે તેં મારો ચહેરો સુંદર બનાવ્યો છે, તેવી જ રીતે મારી સીરત અને બીજી વસ્તુઓ કે જે તેં આપી છે, તે ઉમદા બનાવી દે.)""

# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર અનુવાદક: મોમિન આબિદહુસૈન સાવદી

## વિભાગ–૧

## ઈસ્લામનો પયગામ

### પ્રકરણ ૨: અલ્લાહ, માણસ અને કાએનાત — મઆદ વિષેના પ્રશ્નો

**માણસ**

આ દુનિયામાં કેન્દ્રમાં રહેલ અસ્તિત્વ કેવળ માણસનું જ છે, અને તેથી આ દુનિયામાં અલ્લાહનો ખલીફા અર્થાત્ પ્રતિનિધિ તે જ છે — અને એ પણ 'ખલીફા' પરિભાષાના સંપૂર્ણ અર્થમાં. માણસ પાસે શકિત છે બીજી સઘળી મખ્લૂકાત પર પ્રભુત્વ હાસિલ કરવાની, સાથેસાથે તેની જવાબદારીય છે તેમના સઘળાની સંભાળ લેવાની. અન્ય મખ્લૂકાત કરતાં તેની જવાબદારી સૌથી વધારે છે, કારણ કે અલ્લાહની પ્રકૃતિને સમજવા અને તેના હુકમોનું પાલન કરવા માટે તેને બુદ્ધિ અને સમજદારી આપવામાં આવી છે, સાથે સાથે તેની નાફરમાની કરવા માટે તેને સ્વતંત્રતા અને છૂટ પણ આપવામાં આવી છે.

જ્યાં સુધી માણસની પ્રકૃતિ અને તેનાં કાર્યોના નૈતિક પરિણામની વાત છે તો, તેમાં ઈખ્તિયાર (સ્વતંત્રતા) અને જબ્ર (પરાધીનતા)નો એક મહત્ત્વનો પ્રશ્ન સામે આવે છે. એક તરફ, કુરઆન ભાર મૂકે છે કે અલ્લાહ દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે. બીજી તરફ, કલામે પાક માણસને એક સ્વતંત્ર નીતિમાન પ્રતિનિધિ તરીકે સંબોધે છે. જો આપણે આપણાં કાર્યો માટે જવાબદાર ન હોત, તો આપણે કયામતના દિવસે તેમના માટે ખરેખર ચુકાદાને પાત્ર ન હોત. આપણે જવાબદાર નથી થઈ શકતા જ્યાં સુધી આપણને ઈખ્તિયાર (પસંદગીની સ્વતંત્રતા) ન હોય. ઈસ્લામના સઘળા મુખ્ય મસ્લકો માણસના ઈખ્તિયાર (સ્વતંત્ર) અને જબ્ર (પરાધીન) આધારિત પ્રકૃતિ વચ્ચેના સંબંધ પર ઔપચારિક ચર્ચાઓ કરી ચૂકયા છે. કેટલાકે જબ્ર પર ભાર મૂકયો છે અને કેટલાકે ઈખ્તિયાર પર. તેઓએ આ રહસ્યમય કોયડાનો ઉકેલ પૂરો પાડવાની કોશિશ કરી છે, કે જેને ઈલાહી હિકમત જ ઉકેલી શકે છે.

ઈખ્તિયાર અને જબ્રના પ્રશ્નમાં રહેલી ઈલ્મે કલામ અને ઈલ્મે ફલસફાની અતિ જટિલ વાદવિવાદમાં ન પડતાં, એ બાબત પર વધારે ભાર

મૂકવાની જરૂર છે, કે ઈસ્લામી નુઝૂલના મુખ્ય સ્રોત તરીકે કુરઆન પોતે વારેઘડીએ માણસની સ્વતંત્રતાની હકીકત પર ભાર મૂકે છે. અર્થાત્ તે અલ્લાહની સામે તેમ જ તેની સઘળી મખ્લૂકની સામેય માણસ પર રહેલી જવાબદારી પર ભાર મૂકે છે. ઈસ્લામમાં આ સ્વતંત્રતાથી નાસી છૂટવાનો કોઈ વિકલ્પ નથી. અલ્લાહે આપણને મનુષ્યજાત તરીકે પેદા કર્યા છે. આપણે તેની સાથે શાશ્વત વાયદો કરી ચૂક્યા છીએ અને તેથી જ આ વાયદાના આપણે ભાગે આવતા હિસ્સાને નિભાવવો આપણી જવાબદારી છે. અલ્લાહે આપણને અસ્તિત્વ અતા કર્યું છે.

તેણે આપણને વિવિધ શક્તિઓ, નેઅમતો અને તોહફાઓ અતા કર્યાં છે, જેમાં ન કેવળ અસ્તિત્વનો, કે ન કેવળ એક પ્રાણી તરીકેના જીવનનો સમાવેશ થાય છે, બલ્કે તેમાં એક એવા ઈન્સાન તરીકેના જીવનનો પણ સમાવેશ થાય છે કે જે અલ્લાહના અનંત અને સંપૂર્ણ હોવાની મારેફત ધરાવવાની સાથે સાથે એ ઝાતની પરમ સત્યતાનો એકરાર યા ઈન્કાર કરવાની સ્વતંત્રતા પણ ધરાવે છે. આ છે વાયદામાં અલ્લાહના ભાગે આવતો હિસ્સો, જેને અલ્લાહે સંપૂર્ણ રીતે અદા કરી દીધો. પરંતુ આપણા મનુષ્યજાત વિષે શું? વાયદાનો એ ભાગ જે માણસને લાગેવળગે છે, તે કુરઆનની ઉપરોક્ત આયતમાં રહેલ એક અરબી શબ્દ 'બલા' — એટલે કે 'કેમ નહીં?' — વડે સૂચિત સંમતિમાં સમાયેલો છે. આ 'કેમ નહીં?' (સંમતિ) વડે માણસે અલ્લાહની ઈતાઅતનો — તેની રુબૂબિય્યતના એકરાર અને સ્વીકાર મારફતે — સ્વીકાર કર્યો. આ એકરારનું પરિણામ એ છે કે ધરતી પર અલ્લાહના ખલીફા તરીકે લાગતીવળગતી સઘળી બાબતોમાં તેણે સંપૂર્ણ જવાબદારી નિભાવવાની રહેશે.

ઈસ્લામમાં જવાબદારી વગર કોઈ સ્વતંત્રતા જ નથી, અને ખરેખર, ફરજો (કર્તવ્યો) વગર કોઈ માનવાધિકારો જ નથી. આપણો કોઈ જન્મજાત અધિકાર જ નથી, જ્યાં સુધી આપણે અલ્લાહ પ્રત્યેની આપણી ફરજોને સ્વીકારી ન લઈએ, કારણ કે આપણે જાતે જ આપણી જાતને અસ્તિત્વ નથી આપ્યું. આપણે અલ્લાહ દ્વારા અર્પિત આ અસ્તિત્વ (રૂપી નેઅમત) વડે મનુષ્ય છીએ. તેથી આપણે સૌથી પહેલાં મનુષ્ય તરીકેની ફરજો પૂરી કરવી પડશે. ત્યારે જઈને આપણને માનવ તરીકેના અધિકારો પ્રાપ્ય છે. અલ્લાહના એકરારથી પર થઈને, અને ધરતી પર તેના ખલીફા હોવાની ફરજની પૂર્ણાહુતિથી પર થઈને, માણસ જોડે જન્મજાત અધિકારો રહેલા છે, તે ખ્યાલ ઈસ્લામી દૃષ્ટિકોણમાં બંધબેસતો નથી. ઈસ્લામમાં માનવાધિકારો ચોક્કસપણે રહેલા છે. શરીઅતમાં સ્પષ્ટ રીતે તેમનો ઉલ્લેખ છે, પરંતુ આ અધિકારો જવાબદારી ઉપર આધારિત છે. તે અધિકારો અલ્લાહ પ્રત્યેની ફરજોના સ્વીકાર પર આધારિત છે, એ અલ્લાહ કે જેણે આપણું સર્જન કર્યું, જેણે આપણને રોજી આપી, અને જેની તરફ જ છેવટે આપણે પાછા ફરીશું. (ક્રમશ:)



# ઈબાદાત

## માહે સફરુલ મુઝફ્ફરના આમાલ

આ મહીનો પોતાની નહૂસત (અપશુકન) માટે મશહૂર છે, તેથી આ નહૂસતને દૂર કરવા સદકો આપવો, દુઆઓ માગવી, અને અલ્લાહથી પનાહ માગવી જોઈએ. તેમ જ બલાઓથી મહેફૂઝ રહેવા નીચે આપેલી દુઆ દરરોજ દસ વખત પઢવી જોઈએ:

يَا شَدِيْدَ الْقُوٰى وَيَا شَدِيْدَ الْمِحَالِ يَا عَزِيْزُ يَا عَزِيْزُ ذَلَّتْ بِعَظَمَتِكَ جَمِيْعُ خَلْقِكَ فَاكْفِنِيْ شَرَّ خَلْقِكَ
يَا مُحْسِنُ يَا مُجْمِلُ يَا مُنْعِمُ يَا مُفْضِلُ يَا لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحَانَكَ اِنِّيْ كُنْتُ مِنَ الظَّالِمِيْنَ فَاسْتَجَبْنَا لَهٗ
وَنَجَّيْنَاهُ مِنَ الْغَمِّ وَكَذٰلِكَ نُنْجِي الْمُؤْمِنِيْنَ وَصَلَّى اللّٰهُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ الطَّاهِرِيْنَ

**ત્રીજી સફરના આમાલ:**

આ દિવસે બે રકાત નમાઝ અદા કરવી મુસ્તહબ છે.

- પહેલી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા ફત્હ.
- બીજી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા ઈખ્લાસ.
- નમાઝ પૂરી કરીને સલામ પછી એકસો વખત સલવાત અને ૧૦૦ વખત આ મુજબ ઝિક્ર:

اَللّٰهُمَّ الْعَنْ اٰلَ اَبِيْ سُفْيَانَ

*(અય અલ્લાહ! અબૂ સુફયાનની આલ ઉપર લાનત મોકલ.)*

તેના પછી ૧૦૦ વખત ઈસ્તિગ્ફાર એટલે કે,

اَسْتَغْفِرُ اللّٰهَ رَبِّيْ وَاَتُوْبُ اِلَيْهِ

પઢ્યા પછી પોતાની હાજત માગવી.

**વીસમી સફર (ચહેલુમ)ના આમાલ:**

ઈમામ જાફર સાદિક (અ.)એ ઝિયારતે અર્બઈન (ચહેલુમની ઝિયારત)ના બારામાં ફરમાવ્યું કે જ્યારે સૂર્ય ઊંચે ચઢે, ત્યારે ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત કરો અને આ પ્રમાણે પઢો:

اَلسَّلَامُ عَلٰى وَلِيِّ اللّٰهِ وَحَبِيْبِهٖ، اَلسَّلَامُ عَلٰى خَلِيْلِ اللّٰهِ وَنَجِيْبِهٖ، اَلسَّلَامُ عَلٰى صَفِيِّ اللّٰهِ وَابْنِ صَفِيِّهٖ،
اَلسَّلَامُ عَلَى الْحُسَيْنِ الْمَظْلُوْمِ الشَّهِيْدِ، اَلسَّلَامُ عَلٰى اَسِيْرِ الْكُرُبَاتِ وَقَتِيْلِ الْعَبَرَاتِ، اَللّٰهُمَّ اِنِّيْ

اَشْهَدُ اَنَّهٗ وَلِيُّكَ وَابْنُ وَلِيِّكَ وَصَفِيُّكَ وَابْنُ صَفِيِّكَ الْفَآئِزُ بِكَرَامَتِكَ، اَكْرَمْتَهٗ بِالشَّهَادَةِ وَحَبَوْتَهٗ بِالسَّعَادَةِ، وَاجْتَبَيْتَهٗ بِطِيْبِ الْوِلَادَةِ، وَجَعَلْتَهٗ سَيِّدًا مِّنَ السَّادَةِ، وَقَآئِدًا مِّنَ الْقَادَةِ، وَذَآئِدًا مِّنَ الذَّادَةِ، وَاَعْطَيْتَهٗ مَوَارِيْثَ الْاَنْبِيَآءِ، وَجَعَلْتَهٗ حُجَّةً عَلٰى خَلْقِكَ مِنَ الْاَوْصِيَآءِ، فَاَعْذَرَ فِى الدُّعَآءِ وَمَنَحَ النُّصْحَ، وَبَذَلَ مُهْجَتَهٗ فِيْكَ لِيَسْتَنْقِذَ عِبَادَكَ مِنَ الْجَهَالَةِ وَحَيْرَةِ الضَّلَالَةِ، وَقَدْ تَوَازَرَ عَلَيْهِ مَنْ غَرَّتْهُ الدُّنْيَا، وَبَاعَ حَظَّهٗ بِالْاَرْذَلِ الْاَدْنٰى، وَشَرٰى اٰخِرَتَهٗ بِالثَّمَنِ الْاَوْكَسِ، وَتَغَطْرَسَ وَتَرَدّٰى فِىْ هَوَاهُ، وَاَسْخَطَكَ وَاَسْخَطَ نَبِيَّكَ، وَاَطَاعَ مِنْ عِبَادِكَ اَهْلَ الشِّقَاقِ وَالنِّفَاقِ وَحَمَلَةَ الْاَوْزَارِ الْمُسْتَوْجِبِيْنَ النَّارَ، فَجَاهَدَهُمْ فِيْكَ صَابِرًا مُّحْتَسِبًا حَتّٰى سُفِكَ فِىْ طَاعَتِكَ دَمُهٗ وَاسْتُبِيْحَ حَرِيْمُهٗ، اَللّٰهُمَّ فَالْعَنْهُمْ لَعْنًا وَّبِيْلًا وَّعَذِّبْهُمْ عَذَابًا اَلِيْمًا، اَلسَّلَامُ عَلَيْكَ يَا بْنَ رَسُوْلِ اللهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا بْنَ سَيِّدِ الْاَوْصِيَآءِ، اَشْهَدُ اَنَّكَ اَمِيْنُ اللهِ وَابْنُ اَمِيْنِهٖ، عِشْتَ سَعِيْدًا وَّمَضَيْتَ حَمِيْدًا وَّمُتَّ فَقِيْدًا مَّظْلُوْمًا شَهِيْدًا، وَّاَشْهَدُ اَنَّ اللهَ مُنْجِزٌ مَّا وَعَدَكَ، وَمُهْلِكٌ مَّنْ خَذَلَكَ، وَمُعَذِّبٌ مَّنْ قَتَلَكَ، وَاَشْهَدُ اَنَّكَ وَفَيْتَ بِعَهْدِ اللهِ وَجَاهَدْتَّ فِىْ سَبِيْلِهٖ حَتّٰى اَتٰـكَ الْيَقِيْنُ، فَلَعَنَ اللهُ مَنْ قَتَلَكَ، وَلَعَنَ اللهُ مَنْ ظَلَمَكَ، وَلَعَنَ اللهُ اُمَّةً سَمِعَتْ بِذٰلِكَ فَرَضِيَتْ بِهٖ، اَللّٰهُمَّ اِنِّىْٓ اُشْهِدُكَ اَنِّىْ وَلِىٌّ لِّمَنْ وَّالَاهُ وَعَدُوٌّ لِّمَنْ عَادَاهُ بِاَبِىْٓ اَنْتَ وَاُمِّىْ يَا بْنَ رَسُوْلِ اللهِ، اَشْهَدُ اَنَّكَ كُنْتَ نُوْرًا فِى الْاَصْلَابِ الشَّامِخَةِ وَالْاَرْحَامِ الْمُطَهَّرَةِ، لَمْ تُنَجِّسْكَ الْجَاهِلِيَّةُ بِاَنْجَاسِهَا وَلَمْ تُلْبِسْكَ الْمُدْلَهِمَّاتُ مِنْ ثِيَابِهَا، وَاَشْهَدُ اَنَّكَ مِنْ دَعَآئِمِ الدِّيْنِ وَاَرْكَانِ الْمُسْلِمِيْنَ وَمَعْقِلِ الْمُؤْمِنِيْنَ، وَاَشْهَدُ اَنَّكَ الْاِمَامُ الْبَرُّ التَّقِىُّ الرَّضِىُّ الزَّكِىُّ الْهَادِى الْمَهْدِىُّ، وَاَشْهَدُ اَنَّ الْاَئِمَّةَ مِنْ وُّلْدِكَ كَلِمَةُ التَّقْوٰى وَاَعْلَامُ الْهُدٰى وَالْعُرْوَةُ الْوُثْقٰى، وَالْحُجَّةُ عَلٰى اَهْلِ الدُّنْيَا، وَاَشْهَدُ اَنِّىْ بِكُمْ مُّؤْمِنٌ وَّبِاِيَابِكُمْ، مُّوْقِنٌ بِشَرَآئِعِ دِيْنِىْ وَخَوَاتِيْمِ عَمَلِىْ، وَقَلْبِىْ لِقَلْبِكُمْ سِلْمٌ وَّاَمْرِىْ لِاَمْرِكُمْ مُّتَّبِعٌ وَّنُصْرَتِىْ لَكُمْ مُّعَدَّةٌ حَتّٰى يَاْذَنَ اللهُ لَكُمْ، فَمَعَكُمْ مَّعَكُمْ لَا مَعَ عَدُوِّكُمْ صَلَوَاتُ اللهِ عَلَيْكُمْ وَعَلٰٓى اَرْوَاحِكُمْ وَاَجْسَادِكُمْ وَشَاهِدِكُمْ وَغَآئِبِكُمْ وَظَاهِرِكُمْ وَبَاطِنِكُمْ اٰمِيْنَ يَارَبَّ الْعَالَمِيْنَ

પછી બે રકાત નમાઝ અને જે ચાહો તે દુઆ માગો.

**ગડમથલ નં.૩૮૯નો ઉકેલ**

**<u>આડી ચાવીઓ:</u>** (૧) તકદીર (૪) નફરત (૭) દાગદાર (૯) તલાક (૧૧) બશર (૧૩) શાન (૧૪) ગાર (૧૫) આદમ (૧૭) માહ (૧૮) જામ (૧૯) રાહત (૨૦) બાન (૨૧) ઝર (૨૨) હયા (૨૩) નીમ (૨૫) જનાબત (૨૮) નકીબ (૩૦) રફતાર (૩૨) ફરેબી (૩૩) રાબડી (૩૪) સરદાર **<u>ઊભી ચાવીઓ:</u>** (૧) તલબગાર (૨) દીદાર (૩) રગ (૪) નર (૫) રતન (૬) તલા (૮) દામાદ (૧૦) કરાહત (૧૨) શર (૧૫) આમ (૧૬) મરઝ (૧૭) માહતાબ (૧૮) જાન (૨૦) બાયા (૨૨) હસરત (૨૪) મન (૨૬) તદબીર (૨૭) સિતારા (૨૯) કીલા (૩૧) રબ

## કૂફાથી આવનારી હસ્તીઓ:

# તિરિમ્માહ ઇબ્ને અદી (રઝી.), અમ્ર ઇબ્ને સૈદાવી (અ.), આપ (અ.)ના ગુલામ હઝરત સઅદ (અ.), મુજમ્મિઅ ઇબ્ને અબ્દિલ્લાહ (અ.) અને આપ (અ.)ના ફરઝંદ આઇઝ ઇબ્ને મુજમ્મિઅ (અ.)

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

(ગતાંકનું ચાલુ)

**તિરિમ્માહ ઈબ્ને અદી (રઝી.):**

અહલેબૈત (અ.)ના શાયર, ઈમામ અલી (અ.) અને ઈમામ હુસૈન (અ.)ના સહાબી.[1] હુજ ઈબ્ને અદી (રઝી.)ના ભાઈ. બની તય કબીલાના માણસ. વાત કરવામાં સચોટ અને ફસાહત અને બલાગતમાં માહિર.[2]

**મૌલા અલી (અ.)નો મુઆવિયાને પત્ર:**

જંગે જમલ પછી મુઆવિયાએ મૌલા અલી (અ.)ને ધમકીભર્યો એક પત્ર લખ્યો, જેમાં આપ (અ.)ને શહીદ કરી દેવાની ધમકી આપી, તેના જવાબમાં મૌલા અલી (અ.)એ તેને એક પત્ર લખ્યો, જેમાં લખ્યું હતું કે, “શરૂ અલ્લાહના નામથી, જે રહમાન અને રહીમ છે. અમ્મા બઅદ, અય મુઆવિયા! તું જૂઠ્ઠો છે. હું અલી ઈબ્ને અબી તાલિબ છું, અને હું હસન અને હુસૈનનો વાલિદ છું, અને તારા દાદા, તારા કાકા, તારા મામા અને તારા બાપને બદ્રના જંગમાં કતલ કરનારો છું. હું એ જ છું કે જેણે તારા લશ્કરને બદ્રના જંગ, ફત્હે મક્કાના દિવસે અને જંગે ઓહદમાં ફના કરી દીધું હતું, અને એ જ તલવાર બહાદુર દિલની સાથે મારા હાથમાં છે, જે મારી બાજુમાં લટકાવી રાખી છે. નબી (સ.)એ પોતાના વસીના હાથમાં આ તલવાર આપી છે, હું અલ્લાહ સિવાય બીજા કોઈને રબ માનતો નથી અને મોહંમદ (સ.) સિવાય બીજા કોઈને નબી માનતો નથી, અને આ તલવારનો જોટો મળે એમ નથી, અને જે હિદાયતની પૈરવી કરે તેના પર સલામ થાય.” પછી હઝરત તિરિમ્માહ ઈબ્ને અદી (રઝી.)ને બોલાવ્યા અને ફરમાવ્યું કે, “મારો આ પત્ર લો.” હઝરત તિરિમ્માહ (રઝી.)એ પત્ર લીધો અને પોતાનો અમામો મંગાવ્યો અને પોતાની ટોપી પર પહેર્યો, પછી એક ઝડપી ઊંટ પર સવાર થયા અને દમિશ્કની અંદર ઉતારો કર્યો. પછી મુઆવિયાના સિપાહીઓ વિષે પૂછ્યું. તો આપ (રઝી.)ને જવાબ મળ્યો કે, “તમારે કોનું કામ છે?” આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, “મારે

1 રિજાલ શેખ તૂસી, સફહા–૭૦ અને ૧૦૨
2 અલ–ઈખ્તિસાસ, સફહા–૧૫૦

પત્થરદિલ, મોટા કપાળવાળા, કંજૂસ, મોટા હારવાળા, કાળા, અને તીવ્ર ગુસ્સાવાળા એટલે કે અબૂ મનાયા, અબુલ હુતૂફ, અબુલ અઅવર સુલમી, અમ્ર ઈબ્ને આસ, શિમ્ર ઈબ્ને ઝિલ્જૌશન અને હદી ઈબ્ને મોહંમદ ઈબ્ને અશઅસ કિન્દીનું કામ છે." આપ (રઝી.)ને જવાબ મળ્યો કે, "તેઓ 'બાબે ખઝરા' પાસે એકઠા થયેલા છે." આપ (રઝી.) નીચે ઊતર્યા, પોતાના ઊંટને બેસાડ્યો, અને ઘોડા પર સવાર થઈને તે લોકોની પાસે ગયા. જ્યારે આ મુનાફિકોએ આપ (રઝી.)ને આવતા જોયા, તો ઊભા થઈને આપ (રઝી.)ની સાથે મજાક કરવા લાગ્યા. તેમાંથી કોઈ એકે કહ્યું કે, "અય અઅરાબી! શું તમારી પાસે આસમાનની કોઈ ખબર છે?" આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "હા, જિબ્રઈલ આસમાનમાં છે, અને મલકુલ મૌત આસમાન અને જમીનની વચ્ચે છે અને અલ્લાહ ફેંસલો કરી રહ્યો છે." તે લોકોએ પૂછ્યું કે, "અય અઅરાબી! તમે ક્યાંથી આવો છો?" આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "મુત્તકી અને પાકોપાકીઝા હસ્તી તરફથી હલાક થનારા મુનાફિકો પાસે આવ્યો છું." તેમણે કહ્યું કે, "અય અઅરાબી! તમે શા માટે નીચે નથી ઊતરતા કે જેથી અમે તમારી સાથે કોઈ વાત કરીએ?" આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "અલ્લાહની કસમ, તમારી સાથે વાત કરવામાં કોઈ બરકત નથી, અને મારા જેવો તમારા જેવાઓની સાથે ક્યારેય વાત ન કરે." તેમણે કહ્યું કે, "અય અઅરાબી! અમે યઝીદને તમારા આવવાની ખબર આપીએ છીએ." એ દિવસોમાં યઝીદ તે બધા લોકોનો સરદાર હતો. તેથી તે લોકોએ યઝીદને પત્ર લખ્યો કે, "અય યઝીદ! અલી ઈબ્ને અબી તાલિબ (અ.) તરફથી કોઈ માણસ અમારી પાસે આવ્યા છે, જેમની જીભ ખૂબ તેજ છે. વસ્સલામ." જ્યારે યઝીદે તે પત્ર વાંચ્યો, તો કેટલાક લોકોને હુકમ કર્યો કે, "તમે લોકો તેમને ડરાવો, અને (મહેલના) દરવાજાની વચ્ચે ઊભા રહો અને પોતાના હાથમાં લોખંડના સળિયા રાખો." જ્યારે હઝરત તિરિમ્માહ (રઝી.) આ લોકોની વચ્ચે પહોંચ્યા, તો તે લોકોને પૂછ્યું કે, "આ લોકો કોણ છે? જાણે કે સાંકળા અને હલાકતના રસ્તામાં દોઝખના ફરિશ્તા 'માલિક'ના સિપાહીઓ હોય!" તેમણે કહ્યું કે, "ચૂપ થઈ જાઓ, આ લોકો યઝીદના આવવાની તૈયારીઓ કરી રહ્યા છે." થોડી વાર પછી યઝીદ બહાર આવ્યો. યઝીદે જ્યારે આપ (રઝી.)ને જોયા તો સલામ કરી. આપ (રઝી.)એ ફરમાવ્યું કે, "અલ્લાહ સલામતી આપનારો, અમાન આપનારો અને દેખરેખ રાખનારો છે, અને સલામ થાય અમીરુલ મોમિનીન (અ.)ના ફરઝંદો પર!" યઝીદે કહ્યું કે, "અમીરુલ મોમિનીન મુઆવિયાએ તમને સલામ કહ્યા છે." આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "આપ (અ.)ની સલામ તો કૂફાથી જ મારી સાથે છે." તેણે કહ્યું કે, "મુઆવિયાએ આપની સામે આપની કેટલીક માંગણીઓ પૂરી કરવાની રજૂઆત કરી છે." તો

આપ (રઝી.)એ ફરમાવ્યું કે, "મારી પહેલી માંગણી એ છે કે તેની રૂહ તેના શરીરમાંથી નીકળી જાય, અને તે પોતાની સત્તા પરથી ઊતરી જાય કે જેથી ત્યાં કોઈ એવી હસ્તી બેસે કે જે તેની વધારે હકદાર છે અને વધારે લાયક છે." યઝીદે આ સાંભળીને કહ્યું કે, "અય અઅરાબી! અમે આપને મુઆવિયાની પાસે લઈ જઈએ છીએ, તમારી સાથે ચાલબાજી કરવી શક્ય નથી." આપ (રઝી.)એ ફરમાવ્યું કે, "એટલા જ માટે તો હું અહીંયાં આવ્યો છું." પછી તેણે પોતાના બાપ પાસે રજા લીધી, જ્યારે હઝરત તિરિમ્માહ (રઝી.) તેની પાસે આવ્યા અને તખ્તને જોયું, તો ફરમાવ્યું કે, "સલામ થાય તારા પર અય બાદશાહ!" મુઆવિયાએ કહ્યું કે, "તમને અમીરુલ મોમિનીન કહેતાં શું થાય છે?" આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "અમે મોમિનો છીએ અને તને કોણે અમારો અમીર બનાવ્યો?" તેણે કહ્યું કે, "મને પત્ર આપો, કારણ કે હું તમારી પાસે આવવાને પસંદ કરતો નથી." તેથી તેણે હુકમ કર્યો કે, "મારો વઝીર આ પત્રને મારી પાસે લઈને આવે." આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "વઝીરે ખયાનત કરી અને અમીરે જુલ્મ કર્યો." તેણે કહ્યું કે, "મારો ગુલામ આ પત્રને મારી પાસે લઈ આવે." આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "સૌથી ખરાબ ગુલામને તેના માલિકે હરામ માલથી ખરીદ્યો છે અને જેને અલ્લાહની ઈતાઅતનાં કાર્યો સિવાયનાં કાર્યોમાં ખિદમત કરાવી છે." તેણે કહ્યું કે, "તો અય અઅરાબી! પછી આ પત્ર મેળવવાનો શું ઉપાય છે?" આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "મારા જેવા મોમિન પાસે તારા જેવા મુનાફિક માટે કોઈ ઉપાય યોગ્ય લાગતો નથી, એટલે તું પોતે જ તુચ્છતાની સાથે ઊભો થઈને આ પત્રને લઈ લે." પછી મુઆવિયા પોતે તુચ્છતાની સાથે ઊભો થઈને આવ્યો અને પત્રને લીધો. પછી પત્રને પઢ્યો અને કહ્યું કે, "અય અઅરાબી! અલી (અ.) કેમ છે?" આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "અલ્લાહની કસમ, ખૂબ જ સારા, જંગ માટે બિલકુલ તૈયાર, સહનશીલ, કરીમ, બહાદુર, સખી, કોઈ લશ્કર બાકી નથી કે જેને આપ (અ.)એ નાશ ન કર્યું હોય, કોઈ જાલિમ બાદશાહ એવો નથી કે જેને આપ (અ.)એ કતલ ન કર્યો હોય, અને કોઈ એવો મહેલ નથી કે જેને આપ (અ.)એ પાડી ન દીધો હોય." તેણે પૂછ્યું કે, "હસન (અ.) અને હુસૈન (અ.) કેમ છે?" આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "આપ (અ.) બન્ને પણ સલામત, ફસીહ, કરીમ, બહાદુર, સખી, જવાન, તંદુરસ્ત, દુનિયા અને આખેરત બન્ને માટે નેક છે." તેણે પૂછ્યું કે, "તો અલી (અ.) ના સહાબીઓ કેમ છે?" આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "તેઓ એવી હાલતમાં છે કે તેમની વચ્ચે અલી (અ.) ચૌદમીના ચાંદની જેમ નમૂદાર છે, અને તેઓ બધા તારાઓની માફક છે, જો અલી (અ.) તેમને હુકમ કરે તો તેઓ બધા તૂટી પડે, અને જો રોકી લે તો રોકાઈ જાય." મુઆવિયાએ કહ્યું કે,

"મને નથી લાગતું કે અલી (અ.) પાસે આપ (રઝી.) કરતાં મોટો બીજો કોઈ આલિમ હશે." આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "અફસોસ થાય તારા પર, તારા રબથી ઈસ્તિગ્ફાર કર, અને જે કંઈ કહ્યું એના કફ્ફારા સ્વરૂપે એક વર્ષના રોઝા રાખ, આવું કઈ રીતે બની શકે? જો તું તે ફસીહ, અદીબ અને સ્પષ્ટ વક્તાઓને જુએ અને તેમના ઈલ્મના દરિયામાં પડે તો અય બદનસીબ! તું ડૂબી જાય." મુઆવિયાએ કહ્યું કે, "તમારાં વાલેદા પર અફસોસ છે!" આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "બલ્કે ખુશખબરી છે તેમના માટે કે તેમણે એવા એક મોમિનને જન્મ આપ્યો કે જે તારા જેવા મુનાફિકને બદનામ કરે છે." મુઆવિયાએ કહ્યું કે, "અય અઅરાબી! શું તમને હું ઈનામ આપી શકું?" આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "હું તને કંજૂસ સમજું છું, અને હું તને શા માટે કંજૂસ ન સમજું?" પછી તેણે આપ (રઝી.)ને એક લાખ દિરહમ આપવાનો હુકમ કર્યો. તેણે કહ્યું કે, "અય અઅરાબી! હું આમાં વધારો કરી શકું છું." આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "ભેટ આપીશ તો કાયમ માટે સરદાર બની જઈશ." તેથી તેણે બીજા એક લાખ દિરહમ આપવાનો હુકમ કર્યો. પછી આપ (રઝી.)એ ફરમાવ્યું કે, "તેમાં ત્રણગણું વધાર, કારણ કે અલ્લાહ એકી સંખ્યામાં છે." પછી તેણે ત્રણગણું કરી દીધું, પછી કહ્યું કે, "હવે, તમે જેમ કહ્યું એમ થયું." આપ (રઝી.)એ ફરમાવ્યું કે, "હું અલ્લાહની હમ્દ કરું છું અને તારી મઝમ્મત કરું છું." મુઆવિયાએ કહ્યું કે, "અફસોસ થાય! હવે શા માટે?" આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "એટલા માટે કે (આ માલ) તારો કે તારા બાપનો વારસો નથી, આ તો મુસલમાનોનો બૈતુલમાલ છે જે તું મને આપી રહ્યો છે." પછી મુઆવિયાએ પોતાના કાતિબની તરફ જોઈને કહ્યું કે, "આ અઅરાબીને જવાબ લખી આપ, કારણ કે અમારામાં તેમનો મુકાબલો કરવાની તાકાત નથી." તેથી કાતિબે લખ્યું કે, "અમ્મા બઅદ, અય અલી (અ.)! હું આપની તરફ ૪૦ ભાર બરાબર રાઈ મોકલીશ, રાઈના પ્રત્યેક દાણા સાથે એક હજાર લડવૈયા હશે, જેઓ દજલા નદીનું પાણી પીશે અને ફુરાતને સયરાબ કરશે (એટલે કે હું આપના પર સખ્ત હુમલો કરીશ)." જ્યારે હઝરત તિરિમ્માહ (રઝી.)એ કાતિબના લખાણ તરફ નજર કરી, તો મુઆવિયાની સામે જોઈને ફરમાવ્યું કે, "તારું ખરાબ થાય, અય મુઆવિયા! મને સમજ નથી પડતી કે શરમ તને નથી કે પછી તારા કાતિબને? અફસોસ થાય તારા પર, જો તું જિન્નાત, ઈન્સાનો, ઝબૂરને માનવાવાળા અને ફુર્કાનને માનવાવાળાઓને એકઠા કરે, તોય તેઓ એવું ન કહેતા જે તું કહે છે." તેણે કહ્યું કે, "તેણે મારા હુકમથી આવું લખ્યું નથી." આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "જો તેણે તારા હુકમથી આવું નથી લખ્યું, તો તે તને સત્તાના મામલામાં અણસમજુ માને છે, અને જો તેણે તારા હુકમથી

જ લખ્યું હોય, તો તું જૂઠ બોલવા પર શરમિંદા થઈ ગયો. તું કઈ બાબત માટે માફી માગીશ અને કઈ બાબતથી શિખામણ લઈશ? ખબરદાર થઈ જા, કે અલી (અ.) પાસે એક 'અશ્તર' બતક છે, જે ખૂબ જ હૃષ્ટપુષ્ટ છે, જે પોતાના લશ્કર માટે અને આપ (અ.)ના બીજા લશ્કરો માટે રાઈના દાણાને ભેગા કરે છે, અને તે બધાને પોતાના ગળામાં એકઠા કરે છે." તેણે પૂછ્યું કે, "અય અઅરાબી! તે કોણ છે?" આપ (રઝી.)એ જવાબ આપ્યો કે, "તે માલિક ઈબ્ને હારિસ અશ્તર છે." પછી પત્ર અને ઈનામ લઈ લીધાં અને તે બધું લઈને અલી ઈબ્ને અબી તાલિબ (અ.)ની તરફ રવાના થયા. પછી મુઆવિયા પોતાના સાથીઓ તરફ જોઈને કહેવા લાગ્યો કે, "અમને લાગે છે કે જો હું તમને બધાયને એ કામ માટે મોકલતો કે જે કામ માટે અલી (અ.)એ પોતાના આ સાથીને મોકલ્યા છે, તો તમે આપ (અ.)ના આ સાથીએ જે અંજામ આપ્યું એના દસમા ભાગનુંય અંજામ ન આપી શકતા."[1]

આપ (રઝી.) કરબલામાં શહીદ થયા ન હતા, પરંતુ ઈમામ (અ.)એ આપ (રઝી.)ને દુઆ આપી હતી. આપ (રઝી.) ઈમામ (અ.)ને સાથ આપવા માટે તત્પર હતા, પરંતુ જ્યારે કૂફાથી પાછા આવતા હતા એ જ સમયે આપ (રઝી.)ને ઈમામ (અ.)ની શહાદતની જાણ થઈ. (ક્રમશઃ)

---

1 અલ–ઈખ્તિસાસ, સફહા–૧૫૦ થી ૧૫૩




# આપણા ઘરની વાતો

● **ઈન્નાલિલ્લાહે...**



ડીંડરોલનિવાસી **મર્હૂમ મો.મહદીઅલી યૂસુફભાઈ બાલવા** મુ.તા. ૧૮, શવ્વાલ-૧૪૪૬ તા.૧૭/૦૪/૨૦૨૫ને ગુરુવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ કાકોશીનિવાસી **મર્હૂમ મો.નઝરઅલી વઝીરભાઈ કડીવાલા** મુ.તા. ૧૮, શાબાન-૧૪૪૬ તા.૧૭/૦૨/૨૦૨૫ને ગુરુવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



બાદરપુરનિવાસી **મર્હૂમા મો.અવલીબેન હબીબભાઈ વ્હોરા** મુ.તા. ૦૮, ઝિલ્કાદ-૧૪૪૬ તા.૦૭/૦૫/૨૦૨૫ને બુધવારના રોજ ૯૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶



⟵ રસૂલપુર (મેત્રાણા)નિવાસી **મર્હૂમ મો.માસૂમઅલી શરીફભાઈ સુણસરા** મુ.તા. ૨૧, ઝિલ્કાદ-૧૪૪૬ તા.૧૯/૦૫/૨૦૨૫ને સોમવારના રોજ ૬૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



વસો (નડિયાદ)નિવાસી **મર્હૂમ ગુલામહુસૈન જીવાભાઈ મોમિન (ભીખુભાઈ)** મુ.તા. ૨૬, ઝિલ્કાદ-૧૪૪૬ તા.૨૪/૦૫/૨૦૨૫ને શનિવારના રોજ ૬૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોચ્યા છે. તેઓ ખેડા જીલ્લાના ૬ ગામ સમાજના પ્રમુખ તરીકે ફરજ બજાવતા હતા તથા મદીનતુલ ઈલ્મ - ધોળકા સ્કૂલ બસમાં સેવા આપતા હતા. ⟶



⟵ શેખપુર(ખે.)નિવાસી **મર્હૂમા મો.રેહાનાબાનુ મૌલવી જમાલભાઈ માંકણોજિયા (માસી)** મુ.તા. ૨૮, ઝિલ્કાદ-૧૪૪૬, તા.૨૭/૦૫/૨૦૨૫ને મંગળવારના રોજ ૭૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. તેમણે મૌલવી સાહેબના સાથે રહીને જેઠીપુરામાં ૧૯ વર્ષ સુધી મુદર્રિસા તરીકે સેવા આપી હતી. તેઓ બાળકોને ઉર્દૂની તાલીમ આપતાં હતાં.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૩૦૦૦/- મર્હૂમા મો.અવલીબેન હબીબભાઈ વ્હોરા (બાદરપુર)ના કુટુંબીજનો તરફથી મર્હૂમાની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.માસૂમઅલી શરીફભાઈ સુણસરા (રસૂલપુર (મેત્રાણા))ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.હુસૈનાબાનું માસૂમઅલી સુણસરા
રૂા.૩૦૦/- મો.તાહિરઅબ્બાસ માસૂમઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.અઝમતફાતેમા તાહિરઅબ્બાસ સુણસરા
રૂા.૨૦૦/- મો.શાકિરઅબ્બાસ માસૂમઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.અસ્મતફાતેમા શાકિરઅબ્બાસ સુણસરા
રૂા.૫૦૦/- મો.સાજેદાબાનું મહદીઅલી પલસાણીયા
રૂા.૨૫૦/- મો.હસનઅલી ઈબ્રાહીમભાઈ સુણસરા
રૂા.૨૫૦/- મો.મહેરબાનું હસનઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી ઈબ્રાહીમભાઈ સુણસરા
રૂા.૧૦૦/- મો.મંઝૂરઅલી ઈબ્રાહીમભાઈ સુણસરા
રૂા.૨૫૦/- મો.સિરાજઅહમદ ઈબ્રાહીમભાઈ સુણસરા
રૂા.૨૫૦/- મો.અઝમતફાતેમા સિરાજઅહમદ સુણસરા
રૂા.૧૦૦/- મો.ઝહરાફાતેમા સિરાજઅહમદ સુણસરા
રૂા.૧૦૦/- મો.મોહંમદઝકી સિરાજઅહમદ સુણસરા
રૂા.૧૦૦/- મો.અબ્બાસભાઈ શરીફ સુણસરા
રૂા.૧૦૦/- મો.અમીનાબેન અબ્બાસ સુણસરા
રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ શરીફભાઈ સુણસરા
રૂા.૧૦૦/- મો.રહમતબેન ઈસ્માઈલભાઈ સુણસરા
રૂા.૧૦૦/- મો.અકબરઅલી ઈસ્માઈલભાઈ સુણસરા
રૂા.૧૦૦/- મો.સાજેદાબેન અકબરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.મોહંમદઈલ્યાસ અકબરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.કૌસરફાતેમા અકબરઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.અબ્બાસઅલી ઈસ્માઈલભાઈ સુણસરા
રૂા.૧૦૦/- મો.હમીદાબેન અબ્બાસઅલી સુણસરા
રૂા.૫૦/- મો.વિરાસતઅલી અબ્બાસઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.તાહેરઅલી ઈસ્માઈલભાઈ સુણસરા
રૂા.૧૦૦/- મો.અઝમતફાતેમા તાહેરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.તહારતફાતેમા તાહેરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.હસીનાફાતેમા તાહેરઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.મોઈનઅલી અહમદભાઈ સુણસરા
રૂા.૧૦૦/- મો.કનીઝબેન અહમદભાઈ સુણસરા
રૂા.૨૫૦/- મો.ફાતેમાબેન સફદરઅલી ચુડિયા (કાકોશી)
રૂા.૨૫૦/- મો.સફદરઅલી ચુડિયા (કાકોશી)

રૂા.૧૦૦૦/- મર્હૂમ ગુલામહુસૈન જીવાભાઈ મોમિન (ભીખુભાઈ) (વસો-નડિયાદ)ના કુટુંબીજનો તરફથી મર્હૂમની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- નઝરમોહંમદ ગુલામહુસૈન મોમિન (મોન્ટુ) (નડિયાદ) તરફથી મર્હૂમ ગુલામહુસૈન જીવાભાઈ મોમિન (ભીખુભાઈ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- આબિદહુસૈન ગુલામહુસૈન મોમિન (ટોરેન્ટ) (વસો) તરફથી મર્હૂમ ગુલામહુસૈન જીવાભાઈ મોમિન (ભીખુભાઈ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૩૦૦/- મઝલૂમાબાનું આબિદહુસૈન મોમિન (ટોરેન્ટ) (વસો) તરફથી મર્હૂમ ગુલામહુસૈન જીવાભાઈ મોમિન (ભીખુભાઈ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- બિલાલહૈદર આબિદહુસૈન મોમિન

(ટોરેન્ટ) (વસો) તરફથી મર્હૂમ ગુલામહુસૈન જીવાભાઈ મોમિન (ભીખુભાઈ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- આબિદહુસૈન ગુલામહુસૈન મોમિન (ટોરેન્ટ) (વસો) તરફથી મર્હૂમ જીવાભાઈ મોમિન (ગંગાપુરવાળા)ની રૂહના સવાબ અર્થે.

**મો.કુલસુમબેન ગુલામહૈદર આગલોડીયા (પીંપોદર) તરફથી.**

રૂા.૧૦૦/- હઝરત પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન જાફરી (રહ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.મહદીઅલી યૂસુફભાઈ બાલવા (ડીંડરોલ) તથા મર્હૂમ મો.નઝરઅલી વઝીરભાઈ કડીવાલા (કાકોશી)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.આબેદાબેન મંઝૂરઅલી મોળપીયા

રૂા.૫૦૦/- મો.નજમાબેન મહદીઅલી બાલવા

રૂા.૫૦૦/- મો.શાકેરાબેન નઝરઅલી કડીવાલા


જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:

**મોમિન રઝાઅલી ખણુશીયા**

જાફરી આવાઝ (માસિક) ઑફિસ

મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,

મકતબા જાફરીયા, સેદ્રાણા સ્કવેર, સેદ્રાણા.

મોબાઈલ: **84604 92429**


## 'જાફરી આવાઝ'(માસિક)ના લવાજમ અંગે

દર વર્ષની માફક 'જાફરી આવાઝ' (માસિક)નું લવાજમ મોહર્રમ માસથી લેવાનું નક્કી કરેલ છે. તે રીતે ચાલુ વર્ષે પણ મોહર્રમથી મોહર્રમ એક વર્ષ ગણવામાં આવશે. ચાલુ વર્ષનું લવાજમ રૂપિયા ૨૫૦/- મોહર્રમ માસની ૨૦ તારીખ સુધીમાં (એટલે કે તા.૧૭/૦૭/૨૦૨૫ સુધીમાં) જે જૂના ગ્રાહકોનું આવ્યું હશે તે જ ગ્રાહક તરીકે ચાલુ રહશે. નવા ગ્રાહકોના અંક ઈન્શાઅલ્લાહ સપ્ટેમ્બર-૨૦૨૫થી મોકલવામાં આવશે. ઉપરોક્ત દર્શાવેલી તારીખ સુધીમાં એટલે કે તા.૧૭/૦૭/૨૦૨૫ સુધી જે જૂના ગ્રાહકોનાં લવાજમ આવ્યાં હશે તેમને જ અંક મોકલવામાં આવશે. જેની દરેકે નોંધ લેવી.

**વાર્ષિક લવાજમ: રૂા.૨૫૦/-**

લવાજમ આપના ગામના મુખી / મૌલવી સાહેબ, આપના વિસ્તારના માનદ્ પ્રતિનિધિને સમયમર્યાદામાં આપી દઈને સહકાર આપવા વિનંતી છે. દરેક ગામના મુખી / મૌલવી સાહેબ ઉપર જૂના ગ્રાહકોની યાદીની નકલ મોકલી આપવામાં આવશે. આપ સૌએ ભૂતકાળમાં અમને જે રીતે સાથ અને સહકાર આપ્યો છે, તે રીતે આપતા રહેશો એવી અપેક્ષા રાખીએ છીએ. અલ્લાહ તઆલા આપ સૌને તેનો નેક બદલો અતા ફરમાવે તેવી દુઆ.

– વ્યવસ્થાપક 'જાફરી આવાઝ' (માસિક)